RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 53* Date: 12.12.2022, Monday *Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

હિમાચલમાં

## સુખવિંદર સિંહ સુક્ખુ મુકેશને મુખ્યમંત્રી અને અગ્નિહોત્રીને નાયબ મુખ્યમંત્રી તરીકેના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર શપથ લેવડાવ્યા

**મુખ્યમંત્રી બન્યા બાદ ઠાકુર સુખવિંદર સિંહે સૌપ્રથમ રાજ્ય અધ્યક્ષ પ્રતિભા સિંહને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું હતું**



શિમલા,તા.૧૧

હિમાચલના નવા ચૂંટાયેલા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ આજે બપોરે ૧.૩૦ વાગ્યે શિમલાના રિજ મેદાનમાં મુખ્યમંત્રી પદના સોંગદ લીધા હતાં કોંગ્રેસે છેલ્લી ઘડીએ મુખ્યમંત્રીની સાથે નાયબ મુખ્યમંત્રી પદની જાહેરાત કરવામાં આવતા મુકેશ અગ્નિહોત્રીને નાયબ મુખ્યમંત્રી તરીકેના સોગંદ રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે લેવડાવ્યા હતાં આ શપથ ગ્રહણ સમારોહમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી પણ હાજર રહ્યાં હતાં. આ ઉપરાંત સુકખુના માતા અને હિમાચલ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ પ્રતિભા સિંહ સહિત નેતાઓ કાર્યકર્તાઓ માટે સંખ્યામાં હાજર રહ્યાં હતાં પ્રિયંકાએ મુખ્યમંત્રીના દાવેદાર પ્રતિભા સિંહને પોતાની બાજુમાં બેસાડ્યા હતા. હિમાચલના નવા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુના માતા સંસાર દેવીએ પણ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી. જ્યારે રાહુલ ગાંધીને ખબર પડી કે તેઓ મંચની સામે બેઠા છે, ત્યારે તેમણે તેમને મંચ પર બોલાવ્યા અને તેમની સાથે મુલાકાત કરી હતી. પ્રિયંકા ગાંધીએ સુક્ખુના માતાને ગળે મળ્યા હતા અને તેમને સ્ટેજ પર પોતાની પાસે બેસાડ્યા હતા.

મુખ્યમંત્રી બન્યા બાદ ઠાકુર સુખવિંદર સિંહે સૌપ્રથમ રાજય અધ્યક્ષ પ્રતિભા સિંહને શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું હતું. સુખુએ કહ્યું કે હું પછી મુખ્યમંત્રી છું, પહેલાં પાર્ટી સર્વોપરી છે, પ્રતિભા સિંહ મારા આદર્શ છે. પ્રતિભા સિંહે કોઈપણ પ્રકારના અણબનાવની વાતને ખોટી ગણાવી હતી. પ્રતિભા સિંહે કહ્યું કે હિમાચલમાં સ્થિર સરકાર બનશે. અમે એક થઈને કામ કરીશું. પ્રતિભા મુખ્યમંત્રી પદના દાવેદાર હતા.

તેમણે સુક્ખુના નામ સાથે નારાજ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું હતું.

સુક્ખુને મળ્યા બાદ તેમણે કહ્યું કે તેમના પુત્ર વિક્રમાદિત્ય સિંહને મંત્રી બનાવવાનું લગભગ નિશ્ચિત છે.સોગંદવિધિને કારણે સવારે ૧૧ વાગ્યા પછી રિજ ગ્રાઉન્ડ તરફ જતો રસ્તો સીલ કરી દેવામાં આવ્યો હતો રિજ અને મોલ રોડ પર બેરિકેડીંગ કરવામાં આવી હતી કોંગ્રેસ માટે આ ખાસ તક છે, કારણ કે ૨૦૧૮ પછી દેશના કોઈપણ રાજ્યમાં કોંગ્રેસને પહેલીવાર પૂર્ણ બહુમતી મળી છે. એટલા માટે પાર્ટી પોતાની તાકાતનું પ્રદર્શન કરીને શિમલાથી આખા દેશને સંદેશ આપવાનો પ્રયાસ કરી રહી છે. જો કે, પાર્ટીને શક્તિ પ્રદર્શન માટે ઘણો ઓછો સમય મળ્યો છે, કારણ કે મુખ્યમંત્રીના ચહેરાના ૧૯ થી ૨૦ કલાકમાં શપથ ગ્રહણ સમારોહ યોજવામાં આવ્યો છે. જો પાર્ટીના સૂત્રોનું માનીએ તો, શિમલા અને સોલનને અડીને આવેલા મતવિસ્તારના ધારાસભ્યોને પબ્લિક ભેગી કરવા સૂચના આપવામાં આવી છે.મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ ચોથી વખત અને મુકેશ અગ્નિહોત્રી પાંચમી વખત વિધાનસભા પહોંચ્યા છે. અગાઉ, સુક્ખુ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ, એનએસયુઆઈના પ્રમુખ, શિમલામાં એમસીના બે વખત કોર્પોરેટર, યુથ કોંગ્રેસના પ્રમુખ અને ૨૦૨૨ માં ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તે જ સમયે, પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના પુત્ર વિક્રમાદિત્ય સિંહ બીજી વખત ચૂંટાઈને વિધાનસભામાં પહોંચ્યા છે, જ્યારે મુકેશ અગ્નિહોત્રી પાંચમી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. આ ચૂંટણીઓમાં કોંગ્રેસે ૬૮માંથી ૪૦ બેઠકો જીતી છે અને પરિવર્તનનો દાવો કરનાર ભાજપ ૨૫ બેઠકો પર આવી ગયું છે.

હાઈકમાન્ડની મહોર મળતાં શનિવારે સાંજે વિધાનસભામાં યોજાયેલી વિધાનસભ્ય દળમાં સુખવિંદર સિંહ સુક્ખુને મુખ્યમંત્રી જાહેર કરવામાં આવ્યા હતા.પ્રતિભા સિંહ મંડી સીટથી સાંસદ છે. આ કારણે તેમનો દાવો નબળો પડી ગયો. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં, કોંગ્રેસ મંડી જિલ્લામાં ૧૦માંથી માત્ર ૧ સીટ જીતી શકી હતી. આવી સ્થિતિમાં કોંગ્રેસ અહીં પેટાચૂંટણીનું જોખમ લેવા માંગતી નથી. બીજી તરફ જો પ્રતિભાને સીએમ બનાવવામાં આવશે તો તેમણે ધારાસભ્યની ચૂંટણી લડવી પડશે.

આવી સ્થિતિમાં કોંગ્રેસ ૨ પેટા ચૂંટણી કરાવવાના મૂડમાં નથી.૫૮ વર્ષીય સુખવિંદર સિંહ કોંગ્રેસનાં સિનીયર નેતા અને નૌદાનથી ધારાસભ્ય છે. તેમને પાર્ટીનાં દિગ્ગજ નેતા વિરભદ્રસિંહનાં આલોચક માનવામાં આવતાં હતાં જેમણે પાંચ દશકથી વધુ સમય હિમાચલની પોલિટિક્સ પર પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો.

## ભારતની બરોબરીની વાત છોડો, પાકિસ્તાનને તો વિશ્વ પણ ગંભીરતાથી નથી લેતુઃ એસ. જયશંકર




વારાણસી,તા.૧૧

ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારતની વિદેશ નીતિ હવે વધુ વૈશ્વિક ચિંતાઓ સાથે જોડાઈને બહુપક્ષીય સ્વરૂપ લઈ રહી છે. આપણી વિદેશ નીતિ હવે વધુ ભૌગોલિક-વ્યૂહાત્મક વાસ્તવિકતાઓ અને વૈશ્વિક પડકારો વચ્ચે ભારતના રાષ્ટ્રીય હિતની રક્ષા કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું કે ભારતને હાલમાં જ જ-૨૦નું પ્રમુખપદ મળ્યું છે અને આવનારા સમયમાં બનારસ ખાતે જ-૨૦ દેશોના વિદેશ પ્રધાનોની બેઠકનું આયોજન કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, એક સમય હતો જ્યારે વિશ્વભરના દેશ ભારત અને પાકિસ્તાનને એક સમાન રીતે જોતી હતી. પરંતુ આજે આવું કોઈ દેશ કરતું નથી, ખુદ પાકિસ્તાનીઓ પણ ભારત સાથે બરોબરી નથી કરતા.

વારાણસીમાં કાશી હિંદુ યુનિવર્સિટીમાં વિશેષ કાર્યક્રમમાં સંબોધન કરતા, વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહ્યું કે કોરોનાના વૈશ્વિક મહામારી દરમિયાન, ભારતે માત્ર તેની વસ્તીને જ સુરક્ષિત નથી કરી, પરંતુ કોરોનાની વેક્સિન પણ વિશ્વમાં નિકાસ કરી છે. આમ કરીને ભારતે નેતૃત્વનો વૈશ્વિક પરિચય આપ્યો છે. તેમણે વધુમાં કહ્યું, ‘આપણે હવે વૈશ્વિક વાર્તાલાપને આકાર આપવાનું શરૂ કર્યું છે અને આગામી દિવસોમાં આપણી વિદેશ નીતિમાં વિશ્વભરના વૈશ્વિક પ્રશ્નોને ઉકેલવાની ક્ષમતા પણ હશે.’

વિદેશ પ્રધાને કહ્યું કે ભારત પ્રાદેશિક રીતે વધુ પ્રભાવશાળી બન્યું છે. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે દુનિયાભરના દેશ ભારત અને પાકિસ્તાનને સમાન રીતે જોતી હતી. પરંતુ આજે આવું કોઈ કરતું નથી. પાકિસ્તાનીઓ પણ પોતાને ભારત સાથે સરખામણી નથી કરતા. તેમણે કહ્યું કે સાર્ક સક્રિય નથી કારણ કે તેના એક સભ્ય માને છે કે પાડોશી સાથે સંબંધો સીમા પારના આતંકવાદ સમાન છે.

કેટલાક એવા દેશો પણ છે જેણે આપણી સમસ્યા પર ક્યારેય સ્પષ્ટ વલણ અપનાવ્યું નથી પરંતુ તેઓ તેમના દેશની સમસ્યા પર સ્ટેન્ડ લેવા આપણને કહી રહ્યા છે.

વૈશ્વિક વ્યવસ્થા પર પશ્ચિમનો પ્રભાવ ઓછો થઈ રહ્યો હોવાનો દાવો કરતા વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહ્યું કે આપણે સ્વતંત્ર શક્તિ બની રહેવાની જરૂર છે.

વિશ્વ તે દેશનું સન્માન કરે છે જે પોતાના માટે ઊભો રહે છે. જયશંકરે કહ્યું કે આ ૨૧મી સદીમાં ડેટા, ટેક્નોલોજી અને વિચારોની શક્તિથી જ નવી દુનિયા પર રાજ કરી શકાય છે.

તેમણે કહ્યું કે ભારતની મહત્વની શક્તિ બનવાની આકાંક્ષા જ્ઞાન આધારીત પાવરહાઉસ બન્યા વિના શક્ય નથી અને બનારસ હિન્દુ યુનિવર્સિટીન વિશાળ જ્ઞાન નેટવર્ક અને માનવ સંસાધન સાથે આમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વિદેશ પ્રધાને કહ્યું કે કાશી સંસ્કૃતિ, જ્ઞાન અને વિમર્શનું શહેર રહ્યું છે.

અગાઉ, કેન્દ્રીય વિદેશપ્રધાને કાશી તમિલ સંગમમ દ્વારાબનારસ હિન્દુ યુનિવર્સિટીના એમ્ફીથિયેટર ખાતે આયોજિત પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કાશી તમિલ સંગમમ અંતર્ગત ઉત્તર પ્રદેશ અને તમિલનાડુ વચ્ચે મૈત્રીપૂર્ણ બાસ્કેટબોલ મેચનો પ્રારંભ કરાવ્યો હતો.

## ભારતીયોની વિદેશ ઘેલછા, ૧૦ વર્ષમાં ૧૬ લાખ અને આ વર્ષે ૧,૮૩,૭૪૧ લોકોએ દેશ છોડ્યો

નવીદિલ્હી,તા.૧૧

ભારતીયો તેમની ભારતની નાગરિકતા છોડી રહ્યા છે અને અન્ય દેશોમાં સ્થાયી થઈ રહ્યા છે. આ અંગે સરકારે સંસદમાં ચોંકાવનારો આંકડો રજૂ કર્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧.૬ મિલિયન એટલે કે ૧૬ લાખ લોકોએ ભારતીય નાગરિકતા છોડી દીધી છે. આ વર્ષે ૩૧ ઓક્ટોબર સુધીમાં ૧,૮૩,૭૪૧ ભારતીયોએ તેમની નાગરિકતાનો ત્યાગ કર્યો છે. લોકસભામાં વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને આ માહિતી આપી હતી. કોંગ્રેસના સાંસદ દ્વારા ૨૦૧૫થી કેટલા ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે તે અંગે પૂછવામાં આવતા – મંત્રીએ છેલ્લા આઠ વર્ષના આંકડા રજૂ કર્યા.

વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને કહ્યું કે, ૨૦૧૫માં ૧૩૧,૪૮૯ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી હતી. આ સિવાય ૨૦૧૬માં ૧૪૧,૬૦૩, ૨૦૧૭માં ૧૩૩,૦૪૯, ૨૦૧૮માં ૧૩૪,૫૬૧, કોરોના મહામારી પહેલા ૨૦૧૯માં ૧૪૪,૦૧૭ ભારતીયો વિદેશ ગયા હતા. આ પછી, ૨૦૨૦માં, ૮૬,૨૫૬ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી. તે જ સમયે, રોગચાળાના અંત પછી, ૨૦૨૧માં, આ આંકડો ૧.૫ લાખને વટાવી ગયો અને ૧,૬૩,૩૭૦ પર પહોંચી ગયો. હવે ૨૦૨૨માં, ઓક્ટોબર મહિના સુધી, ૧,૮૩,૭૪૧ ભારતીયો દેશ છોડી ગયા છે.વિદેશ મંત્રલયના જણાવ્યા અનુસાર, ૨૦૧૧માં આ આંકડો ૧,૨૨,૮૧૯, ૨૦૧૨માં ૧૨૦,૯૨૩, ૨૦૧૩માં ૧૩૧,૪૦૫ અને ૨૦૧૪માં ૧૨૯,૩૨૮ હતો. જો મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડાઓ ઉમેરીએ તો ખબર પડે છે કે ૨૦૧૧થી અત્યાર સુધીમાં ૧.૬ મિલિયન એટલે કે ૧૬ લાખ ભારતીયોએ તેમની નાગરિકતા છોડી દીધી છે અને વિદેશમાં સ્થાયી થયા છે. કોંગ્રેસ સાંસદે એ પણ પૂછ્યું હતું કે, વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયોએ દેશમાંથી કેટલા પૈસા લીધા છે, મંત્રીએ કહ્યું કે, મંત્રાલય પાસે તેના આંકડા નથી.વિદેશ રાજ્યમંત્રી મુરલીધરને એ પણ માહિતી આપી હતી કે, બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના નાગરિકો સિવાયના ૨૦૧૫માં ૯૩, ૨૦૧૬માં ૧૫૩, ૨૦૧૭માં ૧૭૫, ૨૦૧૮માં ૧૨૯, ૨૦૧૯માં ૧૧૩, ૨૦૨૦માં ૨૭, ૨૦૨૧માં ૪૨ અને ૨૦૨૨માં માત્ર ૬૦ વિદેશી નાગરિકો એ ભારતની નાગરિકતા મેળવી હતી. આ દરમિયાન, ભાજપના સાંસદ રાહુલ કાસવાન દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં, વિદેશ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, હજારો ભારતીયો છે જેઓ વિદેશની જેલમાં બંધ છે અને સજા કાપી રહ્યા છે.

## સબક શીખવાડ્યા વાળા નિવેદન પર અમિત શાહને ચૂંટણી આયોગે ક્લિન ચીટ આપી

નવીદિલ્હી,તા.૧૧

ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યુ હતુ કે, ૨૦૦૨ માં તેમને સબક શિખવાડી દિધો છે. ત્યાર બાદથી ગુજરાતમાં શાંતિ બરકાર છે. અમિત શાહના આ નિવેદનને અલ્પસંખ્યકો સાથે જોડીને જોવામાં આવી રહ્યુ છે, ત્યર બાદ આ નિવેદન વિરુધ ચૂટણી આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી. તેને આદર્શ ચૂંટણી આંચાર સંહિતાનુ ઉલ્લંઘન કહેવામાં આવ્યુ હતુ. હવે અમિત શાહના નિવેનદના તપાસ બાદ ચૂટણી આયોગે તેમને ક્લિન ચીટ આપી દિધી છે. ચૂંટણી પ્રચાર દરમિયાન અમિત શાહે ૨૫ નવેમ્બરે એક સભામાં કહ્યુ હતુ કે, ૨૦૦૨ માં હિંસા કરનારને સબક શિખવાડી દેવામાં આવ્યો છે. અમિત શાહના આ નિવેદન બાદ રિટાયર્ડ અધિકારીએ ઈએએસ શર્માએ ચૂંટણી આયોગમાં લેખિતમાં ફરિયાદ દાખલ કરી હતી. અને આરોપ લગાવ્યો હતો કે, શાહના નિવેદને ચૂંટણી આદર્શ આંચારસંહિતાનું ઉલ્લંઘન કર્યુ છે. સૂત્રોનું કહેવુ છે કે, ફરિયાદ બાદ તપાસ રિપોર્ટ ગુજરાત મુખ્ય ચૂટણી અધિકારીને પહોચડવામાં આવી છે. ચૂંટણી આયોગે તપાસમાં કહ્યુ હતુ કે ગૃહમંત્રી પોતાના નિવેદનમાં હિંસાકરનારને સબક શીખવાની વાત કરી હતી. નહી કે કોઈ સમુદાય વિશેષ માટે. એએસ શર્માએ કહ્યુ કે, અત્યાર સુધી મને મારી ફરીયાદનો કોઈ જવાબ નથી મળ્યો. ચૂટણી આયોગને તેનો નિર્ણય સાર્વજનિક કરવો જોઈએ. ચૂંટણી આયોગને પોતાની વેબસાઈટ પર નિર્ણયલને સાર્વજનિક કરવો જોઈએ. ગુજરાત અને હિમાચલ પ્રદેશના વિધાનસભા ચૂટણીના પરીણામ ૮ ડિસેમ્બરના રોજ સામે આવ્યા છે.

## વડાપ્રધાનની મહારાષ્ટ્રને ભેટ, નાગપુરને અપાઈ મેટ્રો અને વંદે ભારતની સૌગાત

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, મેટ્રોના લોકાર્પણ કરવાની સાથે મેટ્રોમાં મુસાફરી કરી જાતે ટિકિટ પણ ખરીદી**

નાગપુર,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે (રવિવાર) ગોવા અને મહારાષ્ટ્રના પ્રવાસે હતાં. તેમણે આજે મહારાષ્ટ્રમાં નાગપુર મેટ્રોના બીજા તબક્કાનો શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત નાગપુર અને બિલાસપુર વચ્ચેની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને પણ નાગપુર રેલ્વે સ્ટેશન પર લીલી ઝંડી બતાવી હતી. આ ઉદ્ઘાટન સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ પણ હાજર રહ્યા હતા. મેટ્રો અને વંદે ભારત ટ્રેનની ભેટ આપ્યા બાદ હવે પીએમ મોદી નાગપુર અને શિરડીને



જોડતા એક્સપ્રેસવેના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યુ છે અને નાગપુરના મિહાન વિસ્તારમાં સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સને પણ રાષ્ટ્રને સમર્પિત કરી હતી વડાપ્રધાને વિદર્ભમાં એક જાહેર સમારંભમાં રૂ. ૧,૫૦૦ કરોડથી વધુની રેલ યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું. નાગપુર અને શિરડીને જોડતા ૭૦૧ કિલોમીટર લાંબા એક્સપ્રેસવેના પ્રથમ તબક્કામાં ૫૨૦ કિલોમીટરનું ઉદ્ઘાટન કરવામાં આવશે. આ એક્સપ્રેસ વે મહારાષ્ટ્રના ૧૦ જિલ્લાઓ અને અમરાવતી, ઔરંગાબાદ અને નાસિકના મુખ્ય શહેરી વિસ્તારોમાંથી પસાર થાય છે. તેનાથી નજીકના અન્ય ૧૪ જિલ્લાઓ સાથે કનેક્ટિવિટી સુધરશે. તે વિદર્ભ, મરાઠવાડા અને ઉત્તર મહારાષ્ટ્ર સહિત રાજયના લગભગ ૨૪ જિલ્લાઓના વિકાસમાં મદદ મળશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રોના લોકાર્પણ કરવાની સાથે મેટ્રોમાં મુસાફરી કરી હતી અને જાતે ટિકિટ ખરીદી હતી અને ટ્રેનમાં બેસ્યા હતાં મેટ્રોમાં તેમણે બાળકો સાથે વાતચીત કરી હતી. મોદીને જોઈને બાળકો ખુશ થઈ ગયા હતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાસિકનો ઢોલ પણ વગાડયો હતો.વડાપ્રધાન મોદીની મુલાકાતને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થામાં લગભગ ૪૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે પીએમની મુલાકાત પહેલા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સુરક્ષા તૈયારીઓની સમીક્ષા કરી હતી. સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપના જવાનોની હાજરીમાં પોલીસે શનિવારે યાત્રાના રૂટની સમીક્ષા કરી હતી.

## તંત્રી સ્થાનેથી...

# પરિણામોનો સંદેશ

ગુજરાત અને હિમાચલનાં વિધાનસભા ચૂંટણી પરિણામો આશા અનુરૂપ છે તો બિહાર અને ઉત્તર પ્રદેશ પેટા ચૂંટણીઓનાં પરિણામો ચોંકાવનારાં છે. રાજસ્થાન, છત્તીસગઢ અને ઓડિશાની પેટા ચૂંટણીઓનાં પરિણામો સત્તાધારી પક્ષમાં રહ્યાં. ગુજરાતમાં ભાજપે વિક્રમી જીત મેળવી, આ તેનું સૌથી ઉમદા પ્રદર્શન છે. ગુજરાતની આ જીતે પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની કેન્દ્રીય જોડીનું કદ પણ ઓર વધારી દીધું. આ વિજયે ગુજરાતમાં મોદી અને શાહની લોકપ્રિયતા યથાવત હોવા પર મહોર મારી દીધી. આ જીત ભાજપ સરકારના રાજ્યમાં કરવામાં આવેલ કામો પર પણ મહોર છે. ગુજરાતમાં કોંગ્રેસે બેહદ કમજોર પ્રદર્શન કર્યું, જાણે તે ચૂંટણી લડી જ નથી, અહીં આમ આદમી પાર્ટીને સારી શરૂઆત મળી. ગુજરાતમાં આપની મત ટકાવારી ૦.૬૨થી વધીને ૧૨.૯ ટકા થઈ ગઈ છે. તેને કારણે આપને રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો મળી ગયો છે. તેણે પંજાબની જેમ ગુજરાતમાં પોતાનું સ્થાન બનાવ્યું છે, આવનાર સમયમાં તે ગુજરાતમાં કોંગ્રેસને રિપ્લેસ કરી શકે છે.

ગુજરાતમાં આ વખતે તમામ વર્ગના લોકોએ ભાજપને પોતાનો મત આપ્યો છે. આદિવાસી બહુલ ક્ષેત્રમાં ભાજપની મજબૂત જીત રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં પાર્ટી માટે શુભ સંકેત છે. અનુસૂચિત જાતિ, ઓબીસી, પાટીદાર, પટેલ અને સ્વર્ણ વગેરે સમુદાયોના ક્ષેત્રમાં પણ ભાજપને સારા મત મળ્યા છે. મોરબી દુર્ઘટના અને ૨૭ વર્ષની સત્તા વિરોધી લહેર છતાં ગુજરાતમાં ભાજપની રેકોર્ડ જીત વિપક્ષો માટે આત્માવલોકનનો સમય છે, જ્યારે રાજકીય પંડિતો માટે પણ ગહન અધ્યયનનો સમય છે. ગુજરાતમાં બ્રાન્ડ મોદી અને શાહ સિવાય ભાજપના હિંદુત્વ, રાષ્ટ્રવાદ, સોશ્યલ એન્જિનિયરિંગ અને વિકાસના મિશ્રિત એજન્ડાને જનતાએ હાથોહાથ વધાવી લીધો. જોકે હિમાચલ પ્રદેશમાં 'રિવાજ' યથાવત રહ્યો. ત્યાંની જનતા દર પાંચ વર્ષે સરકાર બદલી નાખે છે અને આ વખતે હિમાચલ ભાજપમાં થયેલી યાદવાસ્થળીને કારણે સીધો ફાયદો કોંગ્રેસને મળી ગયો. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર હિમાચલના જ હોવાને કારણે અને જયરામ ઠાકુર સરકારના પ્રભાવી કામકાજને લીધે ભાજપ હિમાચલમાં વાપસી કરીને ઈતિહાસ બનાવવા માંગતી હતી, પરંતુ જનતાએ ટ્રેન્ડ પર જ ચાલવાનું ચાલુ રાખ્યું. હિમાચલમાં પ્રિયંકા ગાંધી અને અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ પ્રચાર અભિયાનની કમાન સંભાળી. અહીં કોંગ્રેસની જીત જનતાના સરકાર બદલવાના નિર્ણયનું જ પરિણામ વધારે પ્રતીત થાય છે. ઉત્તર પ્રદેશમાં સપાના આઝમ ખાનના ગઢ રામપુરમાં ૭૧ વર્ષમાં પહેલી વાર કમળ ખીલ્યું છે તો બિહારમાં કુઢની સીટ પર નીતિશ કુમારની પાર્ટી જેડીયુને ભાજપે પરાજય આપ્યો છે. સપા અને જેડીયુ માટે ભાજપનો આ મોટો સંદેશ છે. જોકે મેનપુરી લોકસભા સીટ સપાએ બચાવી લીધી.

## દિલ્હી દારૂ કૌભાંડની તપાસ માટે સીબીઆઈની ટીમે હૈદરાબાદમાં મુખ્યમંત્રી કેસીઆરની પુત્રીની પૂછપરછ કરી

હૈદરાબાદ,તા.૧૧

સીબીઆઈ દિલ્હીમાં કથિત દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં ટીઆરએસ (હવે બીઆરએસ) નેતા કવિતાની પૂછપરછ કરી છે. સીબીઆઈના અધિકારીઓ હૈદરાબાદ પહોંચ્યા હતાં જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવી છ બીઆરએસ નેતા અને એમએલસી કવિતા કલવકુંતલા પણ તેલંગાણાના સીએમ કેસીઆરની પુત્રી છે. આજે સવારે સીબીઆઈના અધિકારીઓ બે વાહનોમાં હૈદરાબાદમાં કવિતા કલવકુંતલાના ઘરે પહોંચ્યા હતા અને પૂછપરછ કરી છે.સીબીઆઇના અધિકારીઓ આવે તે પહેલા કવિતાના વકીલ પણ તેના ઘરે પહોંચી ગયા હતાં

સીબીઆઇ અધિકારીઓએ તેમને પત્ર લખીને પૂછપરછ માટે સમય માંગ્યો હતો. સીબીઆઈએ દિલ્હીમાં કહેવાતા દારૂના કૌભાંડના સંબંધમાં કસ્ટડીમાં કેટલાય લોકોની પૂછપરછ કરી છે. કવિતા પહેલા જ આરોપ લગાવી ચૂકી છે કે આ બધું રાજકીય બદલો લેવા માટે કરવામાં આવી રહ્યું છે. દરેક રાજ્યમાં ચૂંટણી દરમિયાન સીબીઆઈ અને ઈડી મોદીજીના આગમનના એક વર્ષ પહેલા પહોંચી જાય છે.

સીબીઆઇએ ગયા અઠવાડિયે કવિતાને જાણ કરી હતી કે તપાસ એજન્સીની એક ટીમ પૂછપરછ માટે ૧૧ ડિસેમ્બરે શહેરમાં તેના નિવાસસ્થાને જશે. સીબીઆઈએ આ કેસના સંબંધમાં કવિતાને નિવેદન નોંધવા માટે નોટિસ મોકલી હતી. કવિતાએ તાજેતરમાં કહ્યું હતું કે તે ૧૩ ડિસેમ્બર સિવાય માત્ર ૧૧ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન જ અધિકારીઓને મળી શકશે. તપાસ એજન્સીએ ક્રિમિનલ કોડ ઑફ પ્રોસિજરની કલમ-૧૬૦ હેઠળ નોટિસ જાહેર કરી હતી અને તે દિવસે સવારે ૧૧ વાગ્યે પૂછપરછ માટે તેમની અનુકૂળતા મુજબ તેમના ઘરનું સરનામું આપવા જણાવ્યું હતું.

તપાસ અધિકારી કોઈ પણ વ્યક્તિને કેસમાં સાક્ષી તરીકે સમન્સ મોકલી શકે છે. કૌભાડમાં કથિત લાંચ અંગે દિલ્હીની કોર્ટમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દાખલ કરાયેલ રિમાન્ડ રિપોર્ટમાં કવિતાનું નામ સામે આવ્યા બાદ, તેણીએ કહ્યું હતું કે તે કોઈપણ તપાસનો સામનો કરવા તૈયાર છે. ૨૫ નવેમ્બરના રોજ, સીબીઆઈએ આ કેસમાં સાત આરોપીઓ વિરુદ્ધ તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી.

દિલ્હીની કોર્ટમાં આરોપી અમિત અરોરા વિરુદ્ધ દાખલ કરાયેલ રિમાન્ડ રિપોર્ટમાં ઈઢએ કહ્યું હતું કે, "અત્યાર સુધીની તપાસ મુજબ, વિજય નાયર, આમ આદમી પાર્ટી નેતાઓ વતી, સાઉથ ગ્રૂપ (જેનું નામ છે.

ઊંચેનીચે
ચામડીના જૂતા બનાવી દઈએ,
તો કહે કે પગમાં કશું ખૂચે છે.
એના હાથમાં ચાંદ પકડાવીએ,
તો કહે કે નભમાં બહુ ઊંચે છે.
નદીમાં ખાલી વીરડો ગાળ્યો,
તો કહે કે વીરડો કેમ ઉલેચે છે?
ધોળા દિવસે ચાંદ તારા દેખાડે,
તો કહે કે આભ પેણે નીચે છે!
કફનમાં કયાં સોના ચાંદી ભરો,
તો કે કફનમાં બધું ખિસ્સે છે!
મંદિરે બેસે તો ભાઈ ભયોભયો,
તો કહે કે હરિ કયાં ઊંચેનીચે છે??
ભરત વૈષ્ણવ
૧૧.૧૨.૨૦૨૨.

# છૂટાછેડા નું કારણ-? પરીક્ષામાં ચોરી

અદાલતના જજ કે વકીલ કાળો લાંબો ગાઉન પહેરે તેવા ગાઉન રાજુએ ઠઠાડ્યો હતો. હાથમાં કાયદાના થોથાં હતા! રાજુ નકારમાં માથું ધુણાવતો આવતો હતો.

" મિ. લોર્ડ આવું ક્ષુલ્લક કારણ? ઇટ ઇઝ ફસ્ટ ટાઈમ ઇન ધી હિસ્ટ્રી ઓફ કોર્ટ"રાજુએ મને જજ માની લીધો કે શું?

" રાજુ તું શેની વાત કરે છે? ધડમાથા વગરની વાત ન કર. સમજાય તેવી વાત કર" મેં રાજુને કડકાઈથી કહ્યું.

"ગિરધરભાઇ . લગ્ન તો ઉપરથી નક્કી થાય છે અને ધરતી પર તેની વિધિ પૂરી થાય છે. આ બધું તો સમજ્યા પણ છૂટાછેડા, ફારગતી , લખણું, ડીવોર્સની વિધિ પાતાળમાં થતી હશે કે શું? " રાજુએ પૂછ્યું.

" રાજુ. લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે કારણ અકારણ સંઘર્ષ થાય, ગૃહયુધ્ધ થાય, એક છત નીચે રહેલા છતાં પાણી અને પેટ્રોલ મિકસ ન થાય.માતાપિતા, સગાસંબધી, મિત્રો સુલેહ માટે પ્રયત્ન કરે પણ તૂટેલ મન ફેવિકોલથી પણ ચોંટતા નથી. પછી શું થાય? વકીલો અને પોલીસ કમાય!! " મેં રાજુને ગૃહયુધ્ધનું વિશ્લેષણ કરી કહ્યું. "ગિરધરભાઇ. તમે માનશો એક વાર મીઠું-નમક કમ ખાય( ગમ વધારે ખાય .એનું કાંઇ નહીં!!) તે જાહેર ન કરવાના કારણે છૂટાછેડા થઇ ગયા!!" રાજુએ પદાર્થ આધારિત ડીવોર્સની વાત કરી." રાજુ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ ગોરધન વિરોધી કાયદો છે. માની લો કે મહિલા અબળા છે. તેને પતિ,સાસુ,સસરા, નણંદ, જેઠ,દિયર, દેરાણી, જેઠાણીના ત્રાસ, હેરાનગતિ સામે રક્ષણ આપવું જોઇએ. એનો ઇન્કાર પણ ન કરાય. પતિને પૂરૂષ હોવા છતાં અબળા હેરાન કરે, જીવન ધૂળધાણી કરી નાંખે તેવા પત્ની પીડીત પતિ માટે કોઇ કોઇ કાયદાકીય જોગવાઈ નથી. બિચારો પત્ની અને કાયદા-ઘંટીના પડ વચ્ચે જીંદગીભર પિસાતો રહે છે. છૂટાછેડાની અરજી કર્યા પછી આ કોર્ટ, પહેલી કોર્ટ, છેલ્લી કોર્ટના ચક્કરમાં ડોસો થઇ જાય તો પણ છૂટાછેડા ન મળે. ઘણીવાર તેના છોકરાના છૂટાછેડા તેના કરતાં વહેલા થાય પણ પેલો બાપડો ભરણપોષણની રકમ ભરતાં ભરતા ખુદ કુપોષિત થઇ જાય.છૂટાછેડા મળે પછી બીજે છેડા જોડવાની શક્યતા બચી ન હોય!! "મેં પુરુષોની કરૂણ દાસ્તાન વર્ણવી.

"ગિરધરભાઇ . તમે પરીક્ષામાં ચોરી કરવાના કારણે છૂટાછેડા થયા હોવાનું કદી સાંભળ્યું છે?" રાજુએ અઘરો સવાલ પૂછ્યો.

" રાજુ. છૂટાછેડા માટે છોકરી કાળી પડે, જાડી પડે, નીચી પડે, અભણ પડે, ગરીબ પડે,આડા સંબંધો હોય, દહેજ ઓછું પડે, આંખ ત્રાંસી હોય વગેરે કારણો હોય. છોકરી સાટામાં આપેલ હોય તો એકને દુખ પડે કે તકલીફ તો બીજાને પણ તકલીફ પડે. છોકરો નામર્દ હોય, છોકરો બીજી સાથે લફરું હોય એટલે છૂટાછેડા થાય. સંયુક્ત કૂટુંબમાં રહેવાની રામાયણ હોય. પણ પરીક્ષામાં ચોરી કરવાથી કોઇનો સંસાર બગડે એવું સાંભળ્યું નથી" મેં રાજુને કહ્યું .

"ગિરધરભાઇ . પરીક્ષામાં ચોરી એ ચોરી થોડી કહેવાય? અમુક ગામમાં તો લાઉડ સ્પીકર પર સવાલનો જવાબ લખવાનું સદાવ્રત ચલાવે છે. બિહારના પટણામાં નિશાળના બીજા માળની બારી બહાર લટકી છોકરાઓને લિફ્ટ કરા દેનું કામ કરે તે કંઇ ગુનો થોડો છે? અમુક પરીક્ષા સેન્ટરો તો પરીક્ષા ચોરીની સાત્વિક પ્રવૃતિના લીધે ફૂલ્યાફાલ્યા છે!! નડીયાદ, ગોંડલ, ગોધરા, સાવરકુંડલા આધુનિક પરીક્ષા ચોરીના તીર્થધામ છે!!પરીણામાં તમને શું આવડે છે તેના કરતાં શું નથી આવડે છે તેની પરીક્ષા લ્યો તો છોકરા ચોરી ન કરે તો શું કરે? યુપી, બિહારમાં એક એરંડામાં યુનિવર્સિટી ચલાવે છે તે શીનાજોરી નથી!!"રાજુએ શિક્ષણક્ષેત્રનું પેપર લીક કર્યું!! " રાજુ પેલા ડોકટરે તો તેની પત્નીએ પરીક્ષા ચોરી કરી તેની શરમ થોડી અનુભવવાની હોય?? તેણે જવેલર્સની દુકાનમાંથી પંદર તોલા સોનું તફડાવ્યું હોય તો શરમ અનુભવે તે બરાબર કહેવાય?! ઉધ્યોગપતિ બેંકોમાંથા કરોડોની લોન લઇ લોન ભરે એ તો પરીક્ષા ચોરી કરતાં મોટી ચોરી હોવા છતાં કોલર ઊંચા કરી દેશમાં ફરે છે કે વિદેશ ભાગી જાય છે.શેરબજારમાં સટો કરી બજારને રવાડે ચડાવી લોકોના રૂપિયાનું પાણી કરનારની નાલાયકી પરીક્ષામાં ચોરી કરે તેના કરતાં ખરાબ જ કહેવાય!! ગર્લફ્રેન્ડને મોજ કરાવવા નાનીમોટી ચોરી કરે તે શું છે? પેલાં ડોકટરે તેની પત્ની ગ્રેજયુએટ થાય તેવું છચ્છે તો પરીક્ષાયજ્ઞમાં ચોરીના સમિધ હોમવામાંશનો વાંધો લેવો જોઇએ? ઉલ્ટાનું તેણે નોટબુક , ગાઇડ, અપેક્ષિત, સ્યોર સંજેશનની રીડકશન કોપી કરી પર્સમાં , સેન્ડલમાં, બાથરૂમમાં મુકવાની માઇક્રો પ્લાનનિંગમાં મદદ કરવાની પતિ તરીકેની સપ્તપદીમાં લીધેલ પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઇએ કે નહીં??" મેં ડોકટરને આદર્શ ગોરધન ( એટલે કે પતિ તરીકેની ફરજ. પતી લખો તો પણ વાંધો નહીં. લગ્ન કરે એટલે પતિ પતી જ જાય છે.)ની ફરજો યાદ કરાવી.

"ગિરધરભાઇ . પેલા ડોકટર મહાશય મેડીકલ રિપ્રેઝેન્ટીવ પાસેથી સેન્પલની દવા વેચી નાંખે, મેડીકલ સ્ટોરના લેટરપેડ પર દવા લખે, ફાર્માસ્યુટિકલ કંપનીએ આપેલ ગિફ્ટ વાઉચરથી સિંગાપુર, થાઇલેંન્ડ ફરી આવે, સેમિનારમાં જઇ આવે , ફ્રી સીટમાં ભણીને દર્દીને ચીરી નાંખે તેના કરતાં પરીક્ષામાં ચિઠ્ઠી ચપાટીથી તેની સામાજિક પ્રતિષ્ઠાને અસાધ્ય નુકસાન જવાની ગેરમાર્ગે દોરનાર દલીલ કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના ન કહેવાય? " રાજુએ ડોકટરની માન્યતાનું ડીસેકશન કર્યું!!

રાજુ. ડોકટર તો સમજ્યા પણ પરીક્ષામાં કરેલી ચોરીને પ્રતિષ્ઠા પર કુઠુરાઘાત ગણી છૂટાછેડા મંજૂર કરનાર જજસાહેબની પેન-કલમ કેમ તૂટી ન ગઇ?"

રાજુ ચોધાર આંસુએ રડી પડ્યો.

ભરત વૈષ્ણવ
૧૧.૧૨.૨૦૨૨..#
હાસ્યલેખ

# દારૂ વેચીને આવક કમાવવી એ લોહી ચૂસવા જેવું છેઃ ઉમા ભારતીનું સરકાર પર નિશાન

### પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી રાજ્યમાં દારૂબંધી અને નશાબંધી અંગે અવાજ ઉઠાવી રહ્યા છે




ભોપાલ,તા.૧૧

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી રાજ્યમાં દારૂબંધી અને નશાબંધી અંગે અવાજ ઉઠાવી રહ્યા છે.

તેમણે એમ પણ કહ્યું છે કે દારૂ વેચીને આવક મેળવીને સરકાર ચલાવવી યોગ્ય નથી. ઉમાએ કહ્યું કે આ એક માતા પોતાના પુત્રનું લોહી ચૂસીને પોતાનું જીવન જીવે એના જેવું છે. ઉમા ભારતી એક કાર્યક્રમમાં હાજરી આપવા નરસિંહપુર પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે લોકો સાથે ચર્ચા કરતા મધ્ય પ્રદેશની વર્તમાન સરકારની ટીકા કરી હતી.

ઉમા ભારતીએ કહ્યું કે હવે સમાજમાં ભૂખે મરનારા લોકો નથી, કારણ કે દરેકને ભોજન મળવા લાગ્યું છે, પરંતુ આર્થિક અસમાનતા છે. બાળકોને ભણાવું છે પણ સરકારી શાળાઓમાં ભણતર મળતું નથી. ગરીબોને હોસ્પિટલમાં સારવાર કરાવવી હોય તો હોસ્પિટલોમાં સારવાર મળતી નથી. લોકો ખાનગી હોસ્પિટલનો ખર્ચ ઉઠાવી શકતા નથી. તેણીએ એમ પણ કહ્યું કે હું આને મોટો અન્યાય માનું છું. આ દરમિયાન ઉમા ભારતીએ દારૂની નીતિ વિશે વાત કરતા કહ્યું કે, દારૂ વેચીને આવક મેળવીને સરકાર ચલાવવી એ ખોટું છે.

તેમણે એમ પણ કહ્યું કે સરકાર ટૂંક સમયમાં દારૂ વિતરણ વ્યવસ્થામાં સુધારો કરશે, કારણ કે યુવા પેઢી નશામાં બરબાદ થઈ રહી છે અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ પણ મને ગેરકાયદેસર દારૂનું વેચાણ રોકવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવાનું વચન આપ્યું છે. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે સિસ્ટમ એવી હોવી જોઈએ કે લોકો ઓછામાં ઓછો દારૂ પીવે, જેથી તેમનું જીવનધોરણ સુધરે અને સારું બને.

ઉમા ભારતીએ અગાઉ જાહેરાત કરેલી છે કે તે બે મહિનાથી વધારે સમય મધ્ય પ્રદેશમાં ભ્રમણ કરશે અને આ દરમિયાન તે પોતાના ઘરે પણ નહીં જશે. ઉમાએ કહ્યું હતું કે, ૭ નવેમ્બર દેવદિવાળીથી ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ મકર સંક્રાતિ સુધી પોતાની સહયોગી મહિલાઓ સાથે રાજ્યભરમાં ફરશે.

ઉમાએ કહ્યું હતું કે દેશભરમાં દારૂની વિતરણ વ્યવસ્થા વિસંગતતાઓનો શિકાર છે. રાજ્યનો વિષય હોવાથી રાજ્યો તેના પર પોતાની નીતિઓ બનાવે છે. કેટલીકવાર તેઓ જાહેર હિત અને જાહેર લાગણીઓને અવગણે છે. ઉમા ભારતીએ કહ્યું હતું કે માત્ર મધ્યપ્રદેશ જ નહીં પરંતુ સમગ્ર દેશના તમામ નાગરિકો ભાજપ પાસેથી અપેક્ષા રાખે છે કે ભાજપ, પાર્ટી સ્તરે જ દારૂ અંગે જનહિતકારી નીતિ બનાવે. જે રાજ્યોમાં ભાજપની સરકાર છે, ત્યાં તે નીતિ પ્રમાણે ચાલવાના નિર્દેશો આપવા જોઈએ.

ઉમા ભારતીએ કહ્યું હતું કે અમારી પાર્ટી ધાર્મિક લોકોની પાર્ટી છે, કોઈપણ ધાર્મિક સ્થળની નજીક, શાળા, કોલેજ, હોસ્પિટલ, કોર્ટ, મજૂર વસાહતની નજીક, દૂર દૂર સુધી દારૂની દુકાન ન હોવી જોઈએ. હજારો શરાબીઓને જાહેરમાં દારૂ પીને ખુલ્લા રસ્તા પર ચાલવાની તક આપવી એ આપણા જ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન છે. દારૂની ખરાબ અસરને કારણે મહિલાઓનું સન્માન, ગરીબોની રોજગારી અને યુવાનોનું ભવિષ્ય પ્રભાવિત થઈ રહ્યું છે.

# ગુજરાતની ચૂંટણી દરમિયાન ૮૦૧ કરોડ રૂપિયા જપ્ત થયા

નવીદિલ્હી,તા.૧૧

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ અનુક્રમે ૮૦૧.૮૫ કરોડ રૂપિયા અને ૫૭.૨૪ કરોડ રૂપિયા જપ્ત કર્યા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ૨૦૧૭માં અગાઉની વિધાનસભા ચૂંટણીની સરખામણીમાં ગુજરાતમાં ૨,૮૪૬.૮૯ ટકા અને હિમાચલ પ્રદેશમાં ૫૩૩.૮૮ ટકાનો આ નોંધપાત્ર ઉછાળો છે. ૨૦૧૭ની ચૂંટણીમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં કુલ જપ્તી અનુક્રમે ૨૭.૨૧ કરોડ રૂપિયા અને ૯.૦૩ કરોડ રૂપિયા હતી. ગુજરાતના કચ્છના સરહદી જિલ્લાના મુન્દ્રા બંદરેથી ફ્રીબીઝની જંગી જપ્તીની જાણ કરવામાં આવી હતી, જ્યાં ડીઆરઆઈએ ૧૬૦ કરોડ રૂપિયાથી વધુની મફત વસ્તુઓ જપ્ત કરી હતી.ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત પહેલા ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયાના અહેવાલોને પગલે કમિશને કોસ્ટ ગાર્ડ, એનસીબી અને એટીએસને ડ્રગ્સ જપ્તી પર કડક નજર રાખવાનો નિર્દેશ આપ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિણામો પ્રોત્સાહક હતા કારણ કે છ્જીએ વડોદરામાં ગેરકાયદે યુનિટનો પર્દાફાશ કર્યો હતો અને મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત કર્યું હતું. કુલ ૪૭૮ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે મતદાન બાદ પણ સખતાઈ ચાલુ છે. પોલીસ નોડલ દ્વારા જાણ કરવામાં આવ્યા મુજબ, ૭મી ડિસેમ્બરના રોજ એટીએસએ ગોરવા, વડોદરા ખાતે વધુ સર્ચમાં ૧૨૧ કરોડ રૂપિયાની કિંમતનો ૨૪ કિલો મેફેડોન ડ્રગનો જથ્થો જપ્ત કર્યો હતો.એ જ રીતે, હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાંથી રેકોર્ડ દારૂ (૫.૦૪ લાખ લિટર) લઈ જવામાં આવ્યો, જે પંજાબના હોશિયારપુર જિલ્લામાં અને સિરમૌર જિલ્લામાં ૨.૫૧ લાખ લિટર દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. હિમાચલ પ્રદેશનો સિરમોર જિલ્લો હરિયાણા અને ઉત્તરાખંડની સરહદ પર આવેલો છે. પંચે ૨૩ નવેમ્બરના રોજ ગુજરાત અને તેના પડોશી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો - રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ અને દીવ અને દાદરા અને નગર હવેલીના મુખ્ય સચિવો, ડીજીપી, આબકારી કમિશનર, ડીજી (ઇન્કમ ટેક્સ) અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

# જયરામે ગુજરાતમાં પાર્ટીની હારનું ઠીકરું સ્થાનિક નેતા પર ફોડ્યું, કઠોર પગલાનો લેવાનો સમય આવી ગયો



નવીદિલ્હી,તા.૧૧

ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસના સુપડાં સાફ કરી નાંખ્યા છે અને કોંગ્રેસને કુલ ૧૮૨ બેઠકોમાંથી ૧૭ બેઠકો મળી છે. વર્ષ ૨૦૧૭માં ૭૭ બેઠકો મેળવનાર કોંગ્રેસનું પ્રદર્શન આ વખતે સાવ કંગાળ રહ્યું છે. ગામડાઓ અને આદિવાસી વિસ્તારો કોંગ્રેસના ગઢ ગણાતા હતા પરંતુ, ભાજપે આ બેઠકો પણ છીનવી લીધી છે. ગુજરાતમાં કોગ્રેસની શરમજનક હારના કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીમાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ચૂંટણીમાં હાર પછી દર વખતે ઈવીએમનું કારણ આગળ ધરી દેનાર કોંગ્રેસે આ વખતે ઈવીએમના નામનો હોબાળો કર્યો નથી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેની હાર માટે રાજ્યના નેતૃત્વને જવાબદાર ઠેરવતા, કોંગ્રેસે શુક્રવારે જણાવ્યું હતું કે ચૂંટણીનું પ્રદર્શન 'અત્યંત નિરાશાજનક' રહ્યું છે અને સ્થાનિક નેતૃત્વ પર કઠોર નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે એમ પણ કહ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં કેન્દ્રીય નેતાઓ ભલે ગમે તેટલો પ્રચાર કરે, પરંતુ આખરે લોકો સ્થાનિક નેતૃત્વને જોઈને જ નિર્ણય લેતા હોય છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે એવો પણ દાવો કર્યો હતો કે ગુજરાતમાં કોંગ્રેસની લડાઈ ભારતીય જનતા પાર્ટી તેમજ એઆઇએમઆઇએમ અને આમ આદમી પાર્ટી સાથે પણ હતી. તેમણે કહ્યું, ગુજરાતના ચૂંટણી પરિણામો અત્યંત નિરાશાજનક છે. અમને આની અપેક્ષા ન હતી. ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કોઈ સ્પર્ધા નહોતી. અહીં એક તરફ ભાજપ અને એઆઇએમઆઇએમનું ગઠબંધન હતું અને બીજી તરફ કોંગ્રેસ હતી.

કોંગ્રેસ નેતાએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંસ્થાઓ ભાજપને મદદ કરવામાં લાગેલી હતી. અમે ફરિયાદ કરી હતી, પરંતુ કોઇ પગલાં લેવાયા નહોતા.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની જોડી પણ ગુજરાતમાં લાગેલી હતી. આચાર સંહિતાનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું.

જયરામે કહ્યું કે, આ વખતે અમારો વોટ શેર ૨૭ ટકા રહ્યો. જે ૪૦ ટકાથી ઘટીને આટલો નીચે આવ્યો. ૪૦ ટકા સુધી વોટ શેર પહોંચી શકે તેમ હતો. તેમણે કહ્યું કે, અમે કોઇ બહાના નથી બનાવી રહ્યા. આ આત્મચિંતન કરવાનો સમય છે, એકજૂટ થવાનો સમય છે.નવું નેતૃત્વ લાવવાનો સમય છે. તેમણે કહ્યું કે હવે સ્થાનિક નેતાઓને લઇને કઠોર નિર્ણય લેવા પડશે, કારણકે પ્રચાર અભિયાન પ્રદેશ નેતાગીરીએ ચલાવ્યું હતું.

ભારત જોડો યાત્રાના સવાલ પર જયરામ રમેશે કહ્યું હતું કે આ યાત્રા અલગ છે અને ચૂંટણી અલગ વાત છે.

# ચંદ્રકાંત પાટીલ પર શાહી ફેકાતા ૧૦ અધિકારી-કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઇ,તા.૧૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા જ્યોતિબા ફુલે અંગે કથિત ટિપ્પણી બાદ ગઈકાલ શનિવારે મહારાષ્ટ્રના પુણેના પિંપરીમાં, મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલ પર શાહી ફેંકવામાં આવી હતી. પિંપરી ચિંચવડ પોલીસે, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલ પર શાહી ફેંકવાની ઘટનાને લઈને સાત પોલીસ કોન્સ્ટેબલ અને ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે. પોલીસ અધિકારીએ કહ્યું કે શાહી ફેંકવાના મામલાની તપાસ કરવામાં આવી રહી છે.

પિંપરી ચિંચવડ પોલીસ કમિશનર અંકુશ શિંદેએ જણાવ્યું હતું કે પોલીસે, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન પાટીલ પર શાહી ફેંકનાર વ્યક્તિને કસ્ટડીમાં લઈ લીધો છે અને વધુ તપાસ ચાલુ છે. આ ઘટનાના વીડિયોમાં એક વ્યક્તિ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલ પર શાહી ફેંકતો દેખાય છે. જ્યારે તે પિંપરી ચિંચવાડમાં બિલ્ડિંગમાંથી બહાર નીકળી રહ્યા હતા. પરંતુ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલની સુરક્ષામાં તહેનાત સુરક્ષાકર્મીઓએ યુવકને તરત જ પકડી લીધો હતો. શનિવારે રાત્રે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ આવા હુમલાથી ડરતા નથી. આ પ્રકારના બનાવની તમામ વિપક્ષી નેતાઓએ નિંદા કરવી જોઈએ. તેમણે કહ્યું કે, મારા નિવેદનને ખોટી રીતે મૂલવવામાં આવ્યું છે. તેમણે ભાજપના કાર્યકર્તાઓને મહારાષ્ટ્ર રાજયના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલેની સૂચનાઓનું અનુસરવા અને કાયદાને પોતાના હાથમાં ના લેવાની અપીલ કરી હતી.

શુક્રવારે ઔરંગાબાદમાં એક કાર્યક્રમમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન પાટીલે મરાઠીમાં સંબોધન કરતા કહ્યું હતું કે, આંબેડકર અને ફુલેએ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવા માટે સરકારી અનુદાનની માંગ કરી નહોતી. તેઓએ લોકોને શાળા અને કોલેજો શરૂ કરવા માટે ભંડોળ એકઠુ કરવા વિનંતી કરી હતી. ભિક્ષા શબ્દના ઉચ્ચારને લઈને આ સમગ્ર વિવાદ સર્જાયો હતો.પોતાના નિવેદનને લઈને વધી રહેલા વિવાદને જોઈને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે માફી માંગી લીધી છે. પાટીલે કહ્યું કે, જેમની લાગણીઓને ઠેસ પહોંચી છે તેમની સમક્ષ હાથ જોડીને માફી માંગુ છું. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. ફડણવીસના મત અનુસાર ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન પાટીલે જે કહ્યું તેને યોગ્ય અર્થમાં સમજવું જોઈતું હતું. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન પાટીલ એવુ કહેવા માંગતા હતા કે બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા ફુલેએ બનાવેલી શૈક્ષણિક સંસ્થાઓ માટે સરકાર તરફથી ગ્રાન્ટ નથી મળી. તેમના કહેવાના ઉદ્દેશ્યને સમજ્યા વિના માત્ર એક શબ્દ પકડીને વિવાદ ઉભો કરવો ખરાબ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ





NOG: NOG SS 0092
પ્રકાર :- પદ્ય
વિષય:- પરિચય
શિર્ષક:- પ્રચ્છન્ન પરિચય
પરિચયથી સંબંધની શરૂઆત થાય છે,
તાણાવાણા સ્નેહના ગૂંથાતા જાય છે.
સહજમાં કોઈ વસી જાય છે હૈયે ને,
પળમાં કેટલાક સંબંધ તૂટતા જાય છે.
પરિચય એ નથી માત્ર ઓળખ,
જાતિ, કૂળ કે ખાનદાનની.
નથી પ્રદર્શન ડિગ્રીઓ કે ઉપાધિનું,
એ તો ઓળખ છે સ્વની ને સ્વમાનની.
બાહ્ય પરિચયથી અંજાતી આ દુનિયા,
માર્કેટિંગની કલાથી પ્રેરાતી આ દુનિયા.
ભીતરના અવગુણોને સંતાડતી આ દુનિયા,
ખુદની મર્યાદાને નકારતી આ દુનિયા.
ખુદની પાસે બેસી પરિચય ખુદને દીધો નથી,
અંધારે છે એ ખૂણો, પ્રકાશિત ક્યારેય કીધો નથી.
દુનિયામાં ચાલતા સિક્કા જેવો પરિચય આપે છે,
પોતાના લંબાયેલા પડછાયાથી પોતાનું કદ માપે છે.
હું એટલે? શક્તિ અને મર્યાદાનો સંગમ,
ગુણો અને અવગુણોનો ફેલાતો પરચમ.
ટેવો અને કુટેવોમાંથી શીખતી હરદમ,
સકારાત્મકતા અને નકારાત્મકતામાં અટવાતા કદમ.
# અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર
૧૧/૧૨/૨૨.

---

NOG SS NO - 0050
વિષય - પરિચય
શીર્ષક - મારી ઓળખ.
તા - ૧૧/૧૨/૨૦૨૨.

---

મારો પરિચય શું આપું તમને..! હું પહેલાં માનવી માનવ થાવ પછી આપું..!
પછી મારા શબ્દો તણી લાગણીઓ કંડારુ..!
કરું જીવનની ઝાંખી મારી..!
બસ મારી સાથે વાત કરું..!
યાદ છે એ દિવસો જ્યારે મનથી મન સાથે વાત કરતી..!
જાણે હસતાં હસતાં આંખો ભરાઈ આવતી..!
ને દિલનું દર્દ કાગળ પર લખતી થઈ..!
દર્દનું દેનારાં પણ ઘરનાં જ હતાં..!
બિન્દાસ્ત, અલ્લડ એવી હું..! ઘણાં વોટ્સ એપ ગ્રુપમાં લગતી થઈ..!
ગુજરાતીને હિન્દીમાં પણ..!
રચનાઓ ગમતી ને લાઈક્સ
પન કરતાં ગયાં મિત્રગણ..!
ને સર્ટીફીકેટ મેળવ્યા ૩૦૦ થી વધું..!
સાથે ૪ મોમેન્ટો ને ૬ મેડલ
મેડવ્યા..!
ક્રિકેટ પન રમતી ને મેડલ મેળવતી..!
જીવનનો મર્મ સમજતી ગયી..!
ક્ષણે ક્ષણે દુઃખ દર્દ ઓછાં થતાં ગયાં...!
માયાજાળને બંધન છુટતાં ગયાં..!
મનુ અવતારે અવતરેલી..!
વૃક્ષરૂપી મનનાં રોપામાં છાયા જીવનની મળતી ગઈ..!
મારી અંદરનો રાગ, દ્વેષ ઓછો થતો ગયો..!
ને બીમારીમાં રાહત મળતી ગઈ..!
માટે વધું લખવા તરફ ખેંચાતી ગઈ..!
મનની ઊર્મિઓ ને કાગળ પર કંડાર થઈ ગઈ..!
હોશે હોશે લડતી રોગથી..! તમન્નાઓને અમર બનાવતી ગઈ..!
જીવનને મન ખોલીને જીવતી ગઈ..!
મક્કમ મનોબળ ને આત્મવિશ્વાસથી હર રચના લખતી..!
અણધારા પરિણામ મળતાં..! સિદ્ધિ મેળવવા સોપાનો ચઢીને મારી અવિરત યાત્રા ચાલું રહે.!
આ મારી સ્વની ઓળખ..!
રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ.

# કોઈ લાંચ માંગે તો મને ફોન કરજો...તે માણસ જેલમાં જશે: મેનકા ગાંધી

સુલ્તાનપુર,તા.૧૧

દસ હજાર-પાંચ હજાર રૂપિયા લો, આનાથી વધુ ખરાબ મેં ક્યારેય જોયું નથી, જો કોઈ તમારી પાસે લાંચ માંગે અથવા અહીં બેઠેલા લોકોને ઘરમાં કોઈને લાંચ આપે, બધાને મારો નંબર ખબર છે, મને ફોન કરો, તે વ્યક્તિ જેલમાં જશે, જો તે સરકારી નોકર છે, તો હું તેની નોકરી જ છોડાવી દઈશ. આ આકરા શબ્દો પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ મેનકા ગાંધીના છે.

મેનકા ગાંધી સુલ્તાનપુર જિલ્લાના લંભુઆના પીપી કામચા બ્લોક પહોંચ્યા હતા. અહીં તેમણે વડાપ્રધાનના નિવાસસ્થાન બનાવવા માટે લગાવવામાં આવેલા વિશેષ શિબિરમાં ૯૦૧ લાભાર્થીઓને માન્ય પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું. તેમણે માહિતી આપી હતી કે પીએમ આવાસની સાથે લાભાર્થીઓને મફત વીજળી, ગેસ કનેક્શન, શૌચાલય, આયુષ્માન કાર્ડ પણ આપવામાં આવશે.

સાંસદ મેનકા ગાંધીના જણાવ્યા અનુસાર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના માટે ૧ લાખ ૪૦ હજાર લાભાર્થીઓ લાયક જણાયા હતા. જેની સાપેક્ષે ૯૦ હજાર લોકોને તેનો લાભ આપવામાં આવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે નવી યાદીમાં કુલ ૧૧ હજાર ૮૩૫ લાભાર્થીઓની પસંદગી કરવામાં આવી છે.

# દિલ્હી: એમસીડી ચૂંટણીમાં ભાજપની હાર બાદ પાર્ટી અધ્યક્ષ આદેશ ગુપ્તાએ રાજીનામું આપ્યું

નવીદિલ્હી,તા.૧૧

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની હાર બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મળતી માહિતી મુજબ, આદેશ ગુપ્તાએ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેપી નડ્ડાએ તેમનું રિઝાઈન સ્વીકારી લીધું છે.

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપની હાર બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ આદેશ ગુપ્તાએ પદ પરથી રાજીનામું આપી દીધું છે. મળતી માહિતી મુજબ, આદેશ ગુપ્તાએ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેપી નડ્ડાએ તેમનું રિઝાઈન સ્વીકારી લીધું છે.

એમસીડી ચૂંટણીમાં ભાજપે ૨૫૦ વોર્ડમાંથી ૧૦૪ બેઠકો જીતી હતી. જ્યારે અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટીને ૧૩૪ બેઠકો મળી હતી. એમસીડીની ચૂંટણીમાં ભાજપ એવી સીટ પણ જીતી શકી ન હતી જ્યાં આદેશ ગુપ્તા રહે છે. આ અંગે આદેશ ગુપ્તાએ કહ્યું હતું કે આ વિસ્તારો સાંસદો અને ધારાસભ્યોના હોય છે.આદેશ ગુપ્તા એમસીડીના વોર્ડ નંબર ૧૪૧ના રાજેન્દ્ર નગરમાં રહે છે. અહીંથી આમ આદમી પાર્ટીની આરતી ચાવલા જીતી છે. જો કે આદેશ ગુપ્તા છેલ્લી ઘડી સુધી પોતાની જીતનો દાવો કરતા રહ્યા. તેમણે દાવો કર્યો હતો કે જ્યારે અંતિમ પરિણામ આવશે ત્યારે બધું સ્પષ્ટ થઈ જશે.આદેશ ગુપ્તાએ કહ્યું હતું કે ભાજપે મહાનગરપાલિકાની ચૂંટણી મુદ્દાઓ પર લડી હતી. ૧૫ વર્ષ પછી પણ અમારું પ્રદર્શન સારું રહ્યું. દિલ્હીની જનતાએ પણ ભાજપમાં વિશ્વાસ દર્શાવ્યો છે. એવું નથી કે સમગ્ર સમર્થન આમ આદમી પાર્ટીને આપવામાં આવ્યું છે.એમસીડી ચૂંટણીના પરિણામો બાદ આદેશ ગુપ્તાએ આમ આદમી પાર્ટીને ઘેરી લીધી અને કહ્યું કે મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનનો વિસ્તાર સાફ થઈ ગયો છે. આ અંગે જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમારા વિસ્તારમાં પણ ભાજપનો સફાયો થઈ ગયો છે ત્યારે ગુપ્તાએ કહ્યું હતું કે ભાજપના પ્રદેશ અધ્યક્ષ પાસે કોઈ વિસ્તાર નથી. મતવિસ્તાર સાંસદો અને ધારાસભ્યોના હોય છે. અમે આખી દિલ્હીના પ્રમુખ છીએ અને દિલ્હીના પ્રમુખ હોવાથી આખી દિલ્હીમાં કામ કરીએ છીએ.

# પોસ્કો એક્ટ હેઠળ 'સંમતિની વય મર્યાદા' પર પુનર્વિચાર થવો જોઈએ: સીજઆઇ ડી વાય ચંદ્રચુડ

## ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો વચ્ચે તમામ પ્રકારના જાતીય સંબંધો અપરાધ

નવીદિલ્હી,તા.૧૧

ભારતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે પોસ્કો એક્ટ હેઠળ 'સંમતિની વય મર્યાદા' પર પુનર્વિચાર કરવાનું કહ્યું છે. સીજેઆઈએ પોસ્કો એક્ટના દાયરામાં સહમતિથી પ્રણય સંબંધના કેસોને સામેલ કરવા પર ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે કહ્યું કે, વિધાનસભાએ વર્ષ ૨૦૧૨માં અમલમાં આવેલા કાયદા હેઠળ નિર્ધારિત સંમતિની ઉંમર પર વિચાર કરવો જોઈએ. પોસ્કો એક્ટ હેઠળ સંમતિની વય મર્યાદા ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સંબંધો આ કડક કાયદાના દાયરામાં આવે છે પછી ભલે આવા સંબંધો પરસ્પર સંમતિથી બનાવવામાં આવ્યા હોય.

પોસ્કો એક્ટ પર આયોજિત એક કાર્યક્રમમાં સીજેઆઇ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ કાયદા હેઠળ નક્કી કરેલી સંમતિની ઉંમર પર ફરીથી વિચાર કરવાની વાત કરી હતી.

સીજેઆઈએ કહ્યું કે, 'તમે જાણો છો કેઁ પોસ્કો એક્ટ હેઠળ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના લોકો વચ્ચે તમામ પ્રકારના જાતીય સંબંધો અપરાધ છે પછી ભલે આવા સંબંધો સગીરોની સંમતિથી બનેલા હોય. આ એટલા માટે છે કારણ કે, કાયદાની ધારણા છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિઓ વચ્ચે કાયદાકીય અર્થમાં કોઈ સંમતિ નથી. એક ન્યાયાધીશ તરીકે મેં જોયું છે કે, આવા કેસ ન્યાયાધીશો માટે મુશ્કેલ પ્રશ્નો ઉભા કરે છે. આ મુદ્દે ચિંતા વધી રહી છે. વધુ સારા સંશોધનના આધારે વિધાનસભાએ આ મુદ્દા પર વિચાર કરવો જોઈએ.

થોડા દિવસો અગાઉ મદ્રાસ હાઈકોર્ટે? કહ્યું હતું કે, અદાલત કિશોર સંબંધો સાથે સંબંધિત કેસોને યોગ્ય રીતે નિપટવા માટે કાયદામાં સુધારાની રાહ જોઈ રહી છે. આવી સ્થિતિમાં સીજેઆઇ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આ ટિપ્પણી ઘણી મહત્વની બની જાય છે. મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાના થોડા દિવસો બાદ તમિલનાડુના પોલીસ મહાનિર્દેશકે એક પરિપત્ર બહાર પાડીને પોલીસ અધિકારીઓને પોસ્કો એક્ટ હેઠળ નોંધાયેલા કેસોમાં યુવકોની ધરપકડ કરવામાં ઉતાવળ ન કરવા નિર્દેશ આપ્યો હતો. આવા ઘણા કિસ્સાઓ પોસ્કો કેસમાં સામેલ છે જેમાં પરસ્પર સહમતિથી બનેલા પ્રેમ સંબંધો સામેલ છે.

# જમ્મુ-કાશ્મીર: સુરક્ષા દળોના 'ઓપરેશન ઓલઆઉટ' માટે મોટી સફળતા, આ વર્ષે ઘણા ટોચના આતંકવાદી કમાન્ડર માર્યા ગયા

શ્રીનદર,તા.૧૧

જ્યારથી જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ ઓપરેશન ઓલ આઉટ શરૂ કર્યું છે ત્યારથી આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. વાસ્તવમાં, કલમ ૩૭૦ હટાવ્યા પછી, સેના, સુરક્ષા દળો, સ્થાનિક પોલીસ (જમ્મુ-કાશ્મીર પોલીસ) અને ભારતીય ગુપ્તચર એજન્સીઓ આતંકવાદને જડમૂળથી ખતમ કરવા માટે ખૂબ જ ઝડપથી કામ કરી રહી છે. ચાલો હવે તમને જણાવીએ કે કાશ્મીરમાં અત્યાર સુધીમાં કેટલા આતંકવાદીઓ માર્યા ગયા છે.

૨૦૨૨માં કાશ્મીરમાં આતંકવાદી ટોપ કમાન્ડરોનો યુગ આવ્યો. જ્યાં પણ આતંકી કમાન્ડર છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યાં પહોંચ્યા પછી, સુરક્ષા દળો તરત જ તેમને નરકમાં લઈ ગયા. દરમિયાન જમ્મુ-કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે દાવો કર્યો છે કે આ વર્ષે અત્યાર સુધીમાં કાશ્મીરમાં ૪૪ ટોચના કમાન્ડર માર્યા ગયા છે. તેમણે એમ પણ કહ્યું કે હવે કાશ્મીરમાં એક પણ ટોપ કમાન્ડર બચ્યો નથી.દિલબાગ સિંહના મતે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ તેના સૌથી નીચલા સ્તરે છે. એટલે કે આતંકવાદી ઘટનાઓમાં પણ ઝડપથી ઘટાડો થયો છે. તેમણે દાવો કર્યો છે કે એક જિલ્લાને છોડીને જમ્મુના તમામ જિલ્લાઓને આતંકવાદથી મુક્ત કરવામાં આવ્યા છે. સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં આતંક વિરૂદ્ધ સુરક્ષાદળોનું ઓપરેશન સતત ચાલુ છે.આ દાવાઓ વચ્ચે દિલબાગ સિંહ પાસે કાશ્મીરી યુવાનો માટે એક સંદેશ પણ છે. તે સંદેશ એ છે કે પાકિસ્તાનની જાસૂસી અને ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ આતંકવાદી સંગઠનો દ્વારા યુવાનોનું બ્રેઈનવોશ કરવામાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં, સાવચેત રહો, સતર્ક રહો અને સુરક્ષા એજન્સીઓને આવા કોઈ ષડયંત્રની માહિતી આપીને એક જવાબદાર નાગરિકની ફરજ બજાવો.



"નજર ઉતારણાં"
રંગ રંગને પોતાની હામ ભરવા દીધી,
ક્યાંક શ્વેત ક્યાંક શ્યામ, ક્યાંક નીલવર્ણી આભા ઉઠી.
ક્યાંક દોડતાં મૃગ, ક્યાંક તીર કામઠે રામ,
ક્યાંક નમ પાંપણે જનક, ક્યાંક અગ્નિમાં જાનકી દીઠી,
ક્યાંક સુંદર એવા શ્યામ, ક્યાંક મનને મોહતી મોહિની મીઠી,
હવામાં લહેરાતી સુંદર એક ધૂમ્રસેર દીઠી.
લાલ ભૂરો લીલો વાદળી સફેદ જાંબલી,
ખોબો વ્હાલ, ચપટી લાગણીની છાલક ઉડી.
તેં મજાની એક મુઠ્ઠી
ગુલાલની લીધી,
અને પછી આપણે ઘરની નજર ઉતારી લીધી.
-લીના વછરાજાની (અમદાવાદ )



મીઠી મીઠી વાતોથી રંજાડ મને,
તારી પાછળ ક્યાંક તું સંતાડ મને,
લે આવીને ઉભો છું તારી પાસે,
ઊર્મિઓના દ્વારેથી ઉઘાડ મને,
શમણાંઓને તારી સાથે જોયા છે,
આ નીંદર થી ના ક્યારે ઊઠાડ મને,
હું તો રહું ડૂબેલો તારી યાદોમાં,
એવા કોઈ ફૂલો તું સુંઘાડ મને,
આ એક ચાંદો ઉભો છે મારી સામે,
બીજો કોઈ ચાંદો હો તો દેખાડ મને.....



ચાલ દોસ્ત ઘર આપણા, સાંજ પડી ને થઈ રાત
દિવસ આખો રમ્યા રમત , પણ ના થયું મન શાંત
રમત રમાડી સમયે, બની ને મન ના મીત
બધી બાજી હારી ગયા, ના મળી એક પણ જીત
ચાલ દોસ્ત ઘર આપણા, પૂરો થઈ ગયો ખેલ
જીવન દીપક બુઝાઈ જશે , રહ્યું નથી હવે તેલ
સુનિલ શાંડિલ્ય (અમદાવાદ )

# 'હિંદુત્વની પ્રયોગશાળા' રહેલા ગુજરાતમાં 'રામરાજ્યનું મોડેલ' સાકાર કરવા માટે ભાજપ સરકારને શુભેચ?છા ! - હિંદુ જનજાગૃતિ સમિતિ

હાલમાં જ પાર પડેલી ગુજરાત રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને અભૂતપૂર્વ યશ મળ્યું છે. દેશના વડાપ્રધાન મા. નરેંદ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભાજપે લડેલી આ ચૂંટણીમાં 'કૉંગ્રેસ' અને 'આપ' જેવા નિધર્મી પક્ષોનો દયનીય પરાભવ થયો છે. આ વિક્રમી વિજય માટે હિંદુ જનજાગૃતિ સમિતિ મા. નરેંદ્ર મોદીજી, મા. અમિત શાહજી અને ભારતીય જનતા પક્ષનું મનઃપૂર્વક અભિનંદન કરે છે. બહુસંખ?યક હિંદુઓએ સંગઠિત રીતે આપેલા સમર્થનને કારણે આ યશશિખર ભાજપ સર કરી શક્યો, એવી અમારી ભાવના છે. મા. મોદીજીના નેતૃત્વમાં ગુજરાતનું હિંદુત્વ વધારે દ્દઢ બની રહ્યું છે. આને કારણે જ આગામી કાળમાં હિંદુ સમાજની વિવિધ સમસ્યાઓ પર નક્કર ઉપાય કરીને હિંદુઓને ચોક્કસ જ ધરપત મળશે, એવી અમને નિશ?ચિતિ છે. ગુજરાત એ દેશની હિંદુત્વની પ્રયોગશાળા છે, એવું કહેવામાં આવે છે. હવે આગળ 'રામરાજ્ય'ના મૉડેલ તરીકે પ્રચલિત થાય, એ માટે હિંદુ જનજાગૃતિ સમિતિ વતી શુભેચ?છા, એવું સમિતિએ પ્રસિદ્ધિપત્રકમાં કહ્યું છે.

પહેલાં અત્યલ્પ લોકસંખ્યા ધરાવતા મુસલમાનોએ આજે હિંદુઓના 'બેટ-દ્વારકા' પર 'લેંડ જેહાદ' દ્વારા બહુસંખ્યક ભૂમિ પર નિયંત્રણ મેળવ્યું છે. ત્યાંના અનધિકૃત બાંધકામો ભલે તોડીપાડ્યાં હોય, છતાં ત્યાંની બહુસંખ્યક ભૂમિ મુસલમાનોની થઈ છે. મોટાભાગનો વેપાર પણ હિંદુઓ પાસેથી મુસલમાનો પાસે ગયો છે. બેટ-દ્વારકા પરના મુસલમાનો પાકિસ્તાની મુસલમાનો સાથે 'રોટી-બેટી વ્યવહાર' કરતા હોવાથી ભવિષ્યમાં દેશની સુરક્ષા માટે ધોકો નિર્માણ થઈ શકે છે. તેમજ ગુજરાતમાં હિંદુઓના નવરાત્રોત્સવ સમયે ધર્માંધ મુસલમાનો દ્વારા આક્રમણો કરવામાં આવે છે. હિંદુ કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી રહી છે. ભરૂચ ખાતે તો હિંદુઓના ૨૮ ઘર મુસલમાનોએ વેચાતા લેવાથી 'ત્યાંનું મંદિર વેચવાનું છે', એવો ફલક લગાડવાનો વારો હિંદુઓ પર આવ્યો છે. આદિવાસી વિસ્તારમાંનું ધર્માંતર અને આવી અનેક સમસ્યાઓ હજી પણ હિંદુ સમાજને ભયભીત કરે છે. આ સર્વ સમસ્યાઓ પર તરત જ આપણી સરકાર અવશ્ય ઉપાયયોજના કરીને હિંદુ સમાજને હૈયે ધરપત આપશે. તેમજ ગુજરાત સરકારે કરેલા 'લવ-જેહાદ વિરોધી કાયદા'માંની ૩, ૪, ૫ અને ૬ ધારાઓ પર ન્યાયાલયે જે સ્થગિતિ મૂકી છે. તે રહિત કરવા માટે અને કાયદો વધુ કઠોર કરવા માટે આપણી સરકાર કાર્યવાહી કરશે, તેવી અપેક્ષા છે. ભારતના ગૃહમંત્રી શ્રી. અમિત શાહે 'સમાન નાગરિક કાયદા'ની કરેલી ઘોષણાનું સ્વાગત કરીએ છીએ. અમે મા. અમિત શાહનું અભિનંદન કરીએ છીએ, એવું પણ સમિતિએ કહ્યું છે.

આપનો નમ્ર,
શ્રી. સંતોષ આળશી
સમન્વયક, હિંદુ જનજાગૃતિ સમિતિ, ગુજરાત
(સંપર્ક ક્ર. ૯૩૭૬૫૧૩૮૩૨)



ખીલવાં મળ્યું ખીલી લીધું,
ના દંભ ના અભિમાન,
ખબર છે ચંદ્રને ,
કાયમી નહીં ટકે એનો વાન.
જીવન છે ત્યાં સુધી જંગ છે,
ચડતી-પડતી, હાર-જીત,
ચમકશે તારો પણ સિતારો,
તું કરી લે જંગ સાથે પ્રીત.
માનવ જીવન અવિરત વહેતું,
ખીલતું મુરઝાતું ફરીને ખીલતું,
ચંદ્ર સમ શીતળ બની,
જીવન કલા જીવવાની શીખ તું!
ચાલશે, ફાવશે, ગમશેનો મંત્ર,
સુધારશે જીવન જીવવાનું તંત્ર,
કલાનો કસબી છે તું માનવ,
જીવનને જીવ, ના બન તું યંત્ર.
હિના મહેતા 'સૃષ્ટપર (રાજકોટ )



મિત્ર જિંદગી મિત્ર બંદગી, મિત્ર સંગ જીવી લઉં છું;
એમની સાથે ખુદા ક્યારેક તને પણ જાપી લઉં છું;
નથી ફેલાવતો હાથ મદદ માટે, સગા સંબંધીઓ સામે,
પરંતુ, મિત્રો પાસે એ જ હું હક્કથી માંગી લઉં છું;
નહીં મળશે મને તમારા જેવા લાયક કોઈ મિત્ર કદી,
ધબકારાના હર સ્પંદનમાં હું તમને સમાવી લઉં છું;
ગુમ ના થઈ જાઓ ક્યાંક આ જમાનાની ભીડમાં,
હૃદયના એક ખુણામાં એટલે તમને સાચવી લઉં છું;
સુખ છે મિત્રો ને દુઃખ તો છે દુશ્મન સમાન 'વ્યોમ'
સુખનો કરીને ગુણાકાર, ને હું દુઃખોને ભાગી લઉં છું;
વિનોદ.મો.સોલંકી 'વ્યોમ'
GETCO (GEB), મુ. રાપર.



શબ્દ એટલે ..પર
ઉતંગ મોજા લઈ ઊછળતા સાગરના પેટાળે સૂતી કોઈ છીપનાં ગર્ભે ઘૂસી
સ્વાતિબુંદે રોપ્યું જાણે ઝળહળતું કો' બીજ.
બીજું શું?
શબ્દ એટલે....
ઘંટારવની ચીસ જઈને અથડાતી હો મૂર્તિને ને મૂર્તિ મજબૂર થાય આપવા મોં માંગ્યું વરદાન.
બીજું શું?
શબ્દ એટલે
વર્ષો પૂજયાં તુલસી ક્યારે હસતા હસતા પ્રગટે શાલિગ્રામ.
બીજું શું?
શબ્દ એટલે
કૂંડાળું જે વિસ્તરતું વિસ્તરતું પહોંચે છેક બ્રહ્મને દેશ!
બીજું શું?
રમેશ સંઘવી (અમરેલી)

# પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકા બાસ્કા મુકામે આવેલ પોલીકેબ વાયર્સ પ્રાઇવેટ લિમિટેડ ના ચાર કર્મચારીઓને પુનઃ નોકરી પર લેવાનો નામદાર મજૂર અદાલત ગોધરાનો આદેશ

પંચમહાલ,

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના બાસ્કા નૂરપુરા મુકામે આવેલ પોલીકેબ વાયર્સ મા તારીખ ૨૩/૯/૦૯ થી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા સંદીપ ગોહિલ તારીખ ૧/૪/૧૧ થી આસિસ્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા નિર્મલ પટેલ તારીખ ૬/૯/૧૦ પરચેસ ઓફિસ તરીકે ફરજ બજાવતા જીતેન્દ્ર પટેલ તેમજ તારીખ ૨૨/૧/૧૦ આસિસ્ટન્ટ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા પરિમલ પટેલ વગેરેને સંસ્થા દ્વારા કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાયગેરકાયદેસર રીતે આઈડી એક્ટર કલમ ૨૫એચ અને ૨૫ એફ નો ભંગકરી તારીખ ૨૨/૭/૧૬ ના રોજ નોકરીમાંથી છૂટા કરી દેવામાં આવતાઆ તમામ કર્મચારીઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશના પ્રમુખ એ એસ ભોઈ દ્વારા ઔદ્યોગિક વિવાદ ધારા અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા બાબતે નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ જેમાં સંસ્થા દ્વારા આ ચાર કર્મચારીઓ ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરતા હોય તેઓ કામદારની વ્યાખ્યામાં આવતા નથી તેઓને નોકરીમાં પુનઃ સ્થાપિત કરવાનો હક નથી તેઓ લૂલો બચાવ કોર્ટ સમક્ષ લીધેલ જે બાબતે આ કર્મચારીઓ કામદારની વ્યાખ્યામાં આવતા હોવાના દસ્તાવેજો તેમજ નામદાર વડી અદાલત ના કેટલાક સાઈટેસનો આ કામે ફેડરેશને રજૂ કરી નામદાર મજુર અદાલ ગોધરા સમક્ષ ફેડરેશન ના પ્રમુખ એ એસ ભોઈ તથા એડવોકેટ સીતેષ ભોઈ દ્વારા દલીલો કરવામાં આવતા અદાલતે બંને પક્ષકારોની દલીલો સાંભળી નામદાર મજુર અદાલત ગોધરાના ન્યાયાધીશ શ્રી એચ.એમ મકા સાહેબે આ ચાર અરજદારો કામદાર ની વ્યાખ્યામાં આવતા હોય તે બાબતના પુરાવાઓ ધ્યાને લઈ અરજદારોને તેમની મૂળ જગ્યાએ સંસ્થા ને પુનઃસ્થાપિત કરવા નો આદેશ ફરમાવેલ છે જે આદેશથી લાંબા સમય બાદ આ કર્મચારીઓ પોતાની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત થવાના હકદાર બને છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચમહાલ પ્રમુખ એ.એસ ભોઈ

# ગાંધીનગર હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના શપથ વિધિની તૈયારીઓ શરૂ, કાર્યક્રમમાં અનેક મહાનુભાવો હાજર રહેશે

ગાંધીનગર,તા.૧૧

વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડબ્રેક જીત બાદ ભાજપે નવી સરકારની રચના કરશે. શાનદાર જીત બાદ નવી સરકારની શપથ વિધિ એક મેગા શો બની રહે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે. નવી સરકારની શપથ વિધિની શાહી તૈયારી ગાંધીનગરમાં શરૂ કરવામાં આવી છે.

હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે શપથ વિધિની શાહી તૈયારી શરૂ કરવામાં આવી છે. હજારોની સંખ્યામાં કાર્યકરો હાજર રહે એ પ્રકારની બેઠક વ્યવસ્થા ઉભી કરાશે. તો શપથવિધિ કાર્યક્રમ દરમિયાન કુલ ૩ અલગ અલગ મોટા મંચ બનાવાયા છે. આ શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી, કેન્દ્રીય પ્રધાન સહિત અન્ય રાજયના મુખ્યપ્રધાનો હાજર રહેવાના હોવાથી વિશેષ તૈયારી કરવામાં આવી રહી છે.

તો બીજી તરફ મોટી સંખ્યામાં શપથવિધિ સમારંભમાં અન્ય રાજયમાંથી પણ મહેમાનો ઉપસ્થિત રહેવાના હોવાથી બેઠક વ્યવસ્થાનું અલગ આયોજન કરાયુ છે. કુલ ૮ તબક્કામાં બેઠક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં સાંસદો, વિજેતા ધારાસભ્યો, ઝસ્ના મહેમાનો, ઉદ્યોગપતિ, કલાકારો, સંતો, વીવીઆઈપી અને સામાન્ય જનતા બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં એક મંચ પર રાજ્યપાલ, નવા CM, નિયુક્ત મંત્રીમંડળના સભ્યો બેસશે. જ્યારે બીજા મંચ પર વડાપ્રધાન, કેન્દ્રીય પ્રધાન અને અન્ય રાજ્યના ઝસ બેસે એવી વ્યવસ્થા ઉભી કરાશે.એટલું જ નહીં ત્રીજા મંચ પર સાધુ-સંતો માટે પણ ખાસ વ્યવસ્થા કરાઈ છે.

# દિવ્યાંગજન માટે "વિના મુલ્યે કૃત્રીમ હાથ" નો કેમ્પ

ઇનાલી ફાઉન્ડેશન - પુના ના સહયોગ થી રોટરી ક્લબ ઓફ રાધનપુર અને ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા ના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ગુજરાત ના લાભાર્થી માટે હાથની જરૂરિયાતમંદ દિવ્યાંગજન માટે કૃત્રીમ હાથના કેમ્પનું આયોજન ધોળકા રાખવાનું છે તો જરૂરિયાતમંદ લાભાર્થી એ કોણી થી નીચે કપાયેલ હાથનો ફોટો, આધાર કાર્ડ ની કોપી, અને મોબાઈલ નંબર વોટ્સ અપ દ્વારા મોકલી આપવાનો રહેશે અને નીચે આપેલ નંબર પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. શ્રી ભાવિન પરમાર (પ્રમુખ, ફ્રીડમ ડે કેર સેન્ટર ધોળકા) ૯૯૭૪૦૮૮૮૦૨ / ૮૭૮૦૭૫૨૩૨૬ ,રોટે. મહેશ રાઠોડ ૯૯૨૫૩૦૯૬૬૦ રોટે.કલ્પેશ ઠક્કર ૯૮૭૯૧૨૪૪૧૫ નંબર પર નામ નોંધાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન કરાવેલ લાભાર્થીને કોલ કરી કેમ્પનું સ્થળ અને તારીખ કહેવામાં આવશે.નોંધ - રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૦/૧૨/૨૦૨૨ છે લાભાર્થીઓએ ફોન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આપ સાહેબ શ્રી આપની કોલમમાં જાહેર કરશો તેવી આશા સહ.

# ભૂપેન્દ્ર પટેલ સરકાર ૨.૦ / ૭ પાટીદાર જ્યારે ૬ ઓબીસી ધારાસભ્ય મંત્રી બની શકે છે

## આજે બપોરે ૧૨:૩૯ વાગ્યે નવી સરકારનો શપથગ્રહણ સમારોહ

ગાંધીનગર,તા.૧૧,

દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને યોજાયેલી મહત્વની બેઠકમાં ભાગ લઈને ભૂપેન્દ્ર પટેલ અને સી.આર.પાટીલ ગુજરાત પરત આવ્યા છે. આવતીકાલે ભૂપેન્દ્ર પટેલની સાથે મંત્રીમંડળ પણ શપથ લેશે. ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આવતીકાલે બપોરે ૧૨:૩૯ વાગ્યે નવી સરકારનો શપથગ્રહણ સમારોહ યોજવા જઈ રહ્યો છે. જેમાં વિજય મુહૂર્તમાં મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલ શપથ લશે. તેમની સાથે જ કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ શપથ લેશે. શપથગ્રહણ સમારોહમાં ૨૨થી ૨૫ મંત્રીઓ શપથ લેશે.

આ અંગે વિગતવાર વાત કરીએ તો ગઈકાલે ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય દળે ધારાસભ્ય દળના નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરી હતી. ધારાસભ્ય દળની બેઠક બાદ ભૂપેન્દ્ર પટેલે રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે મુલાકાત કરી હતી અને સરકાર રચવાનો દાવો કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયાના બે દિવસ બાદ સરકાર રચવાનો દાવો કર્યો હતો. રાજ્યપાલે ભૂપેન્દ્ર પટેલને આગામી સોમવારે બપોરે ૨ વાગ્યે શપથ ગ્રહણ માટે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ ગુજરાતના ભાવિ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપના અધ્યક્ષ સી.આર પાટીલ દિલ્હી જવા રવાના થયા હતા. શનિવારે સાંજે દિલ્હી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને ગુજરાતમાં સરકારની રચના અને સંભવિત મંત્રીઓના નામ મુદ્દે બેઠક યોજાઈ હતી. સાંજે ૫:૩૦ કલાકે શરૂ થયેલી આ બેઠકમાં ગુજરાતની આગામી સરકારને લગતા તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ સહિત ઘણા મોટા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ બેઠકમાં જ મંત્રીઓના નામની યાદી પર મહોર લગાવી દેવામાં આવી હતી. મોવડી મંડળ સાથે બેઠક કરીને ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ ગુજરાત પરત ફર્યા હતા.

આવતીકાલે બપોરે ૧૨:૩૯ વાગ્યે નવી સરકારનો શપથગ્રહણ સમારોહ યોજશે. જેમાં ભૂપેન્દ્ર પટેલ સહિત કેબિનેટ તેમજ રાજ્યકક્ષાના મંત્રીઓ શપથ લેશે. શપથગ્રહણ સમારોહમાં ૨૨થી ૨૫ મંત્રીઓ શપથ લેશે. જોકે, કોણ કોણ શપથ લેશે તેઓના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. પસંદ કરાયેલા મંત્રીઓને પ્રદેશ કાર્યાલયમાંથી ફોન કરીને જાણ કરાશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ૨૨થી ૨૫ મંત્રીઓને સ્થાન મળી શકે છે. મંત્રીમંડળની રચના જ્ઞાતિવાદ સમીકરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી શકે છે. ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ૭ પાટીદાર અને ૩ મહિલાઓને સ્થાન મળી શકે છે. આ ઉપરાંત ૩ એસસી, ૪ એસટી, ૬ ઓબીસી, ૧ બ્રાહ્મણ, ૧ ક્ષત્રિય અને ૧ જૈન ધારાસભ્યને મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે.

# પાયલોટનો પાવરફુલ પ્રચાર: જ્યાં રેલીઓ કરી ત્યાં કોંગ્રેસને ૭૦ ટકા બેઠકો મળી

અમદાવાદ,તા.૧૧

ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ રાજનીતિક નિષ્ણાંતો પાર્ટી આગેવાનો હાર જીત પર મંથન કરી રહ્યા છે.

ત્યારે સૌની નજર કોંગ્રેસના સ્ટાર પ્રચારક સચિન પાઈલટ પર ગઈ છે. કારણ કે તેમણે જ્યાં પ્રચાર કર્યો ત્યાં કોંગ્રેસે ૭૦ ટકા બેઠકો મેળવી છે.

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા ૪ દિવસ સુધી રાજસ્થાનના ઝાલાવાડ અને કોટા જિલ્લામાં ફર્યા બાદ બુંદી જિલ્લામાં રોકાણ કર્યું હતું તે દરમિયાન કોંગ્રેસના લોકોમાં એક જ ચર્ચા હતી કે, ગુજરાત અને હિમાચલ પ્રદેશની ચૂંટણીના પરિણામોમાં ખબર પડશે કે ક્યો નેતા બજબૂત છે કયો નેતા પાછળ રહી ગયો છે.

જો કે ચર્ચામાં બહાર આવ્યું કે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં જ્યારે કોંગ્રેસને ગુજરાતમાં ૭૭ બેઠકો મળી હતી, ત્યારે અશોક ગેહલોતને વધાવવામાં આવ્યા હતા,

હવે જ્યારે પાર્ટીનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શનમાં માત્ર ૧૭ બેઠકો મળ્યા બાદ શુંપ આ માટે અશોક ગેહલોત જવાબદાર નથી?

બીજી બાજુ કોંગ્રેસના નેતાઓ એવું પણ કહી રહ્યા છે કે કોઈ પણ પદ વિના સામાન્ય ધારાસભ્ય તરીકે કોંગ્રેસના સ્ટાર પ્રચારક સચિન પાયલોટ અને હિમાચલ પ્રદેશના નિરીક્ષક તરીકે ૨૧ વિધાનસભા બેઠકો પર રેલી કર્યા બાદ કોંગ્રેસને ૧૩ સીટ મળી ગઈ છે.

આ ચર્ચાઓ વચ્ચે ગામના મતદારોનું પણ કહેવું છે કે, આ પ્રકારના નિર્ણયથી દિગ્ગજ નેતા અશોક ગેહલોત હોવા છતાં કોઈ સુધારો નહીં થાય તો રાજસ્થાનમાં ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનું અત્યાર સુધીનું સૌથી ખરાબ પ્રદર્શન થઈ શકે છે.

# યુવક પર કરેલા હુમલા બાદ દેવાયત ખવડનો ઠેર-ઠેર વિરોધ, ધાંગધ્રામાં લોક સાહિત્યકારની જાહેરમાં તસવીર સળગાવાઈ

રાજકોટ,તા.૧૧

લોક સાહિત્યકાર દેવાયત ખવડ ફરી એકવાર વિવાદમાં આવ્યા છે. રાજકોટમાં મયુરસિંહ રાણા નામના વ્યક્તિને એસ્ટ્રોન ચોકમાં પાઈપ વડે હુમલો કરી તેમણે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ કેસમાં દેવાયત ખવડ અને તેના બે સાગરીતો સામે છ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. સૂત્રોનું માનીએ તો થોડા દિવસો પહેલા મયુરસિંહ રાણા તેના સંબંધીને ત્યાં ગયા હતા, ત્યારે વાહન પાર્કિંગને લઈને દેવાયત ખવડ સાથે ઝઘડો થયો હતો.આ હુમલા બાદ તેનો ઠેર-ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે, ત્યારે ધ્રાંગધ્રાના એંજાર અને કોંઢ ગામે લોક સાહિત્યકાર દેવાયત ખવડની તસવીર સળગાવી વિરોધ કરવામાં આવ્યો. તો સાથે જ ધ્રાંગધ્રા તાલુકામાં દેવાયત ખવડનો કાર્યક્રમ ન કરવા દેવાની પણ ચીમકી ઉચ્ચારાઈ છે. તેમજ હુમલો કરનારા લોક લોક સાહિત્યકારને ઝડપીને કાયદેસર કાર્યવાહી કરવા માગ કરાઈ છે.જેની અદાવત રાખીને દેવાયત ખવડે મયુરસિંહ રાણા પર પાઈપ વડે હુમલો કર્યો અને પગમાં ગંભીર ઈજા પહોંચાડી હતી. જો કે ગુનો દાખલ થતા જ દેવાયત ખવડ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. યુનિવર્સિટી રોડ પર આવેલો તેના બંગલામાં તાળું લગાવેલું છે, તો તેના બંને મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવી રહ્યા છે. પોલીસે તેના વતન મુળી ખાતે પણ તપાસ હાથ ધરી પરંતુ કોઈ સફળતા મળી નથી.જો કે દેવાયત ખવડનો આ પ્રથમ વિવાદ નથી, અગાઉ પણ તેઓ અનેક વખત વિવાદમાં આવી ચૂક્યા છે.

# આપના વિસાવદરના વિજેતા ઉમેદવાર ભૂપતભાઈએ પક્ષ પલટાની વાતને નકારી

જૂનાગઢ,તા.૧૧

આમ આદમી પાર્ટીના વિસાવદરના વિજેતા ઉમેદવાર ભૂપત ભાયાણી આજે ભાજપમાં જોડાઈ તેવી અટકળો વહેતી થઈ હતી. એવી પણ વાત હતી કે, કમલમમાં બપોરે ૨ વાગ્યે કેસરિયો ધારણ કરશે. શપથ વિધિ પહેલા ધારાસભ્ય દ્વારા પક્ષપલટાની ચર્ચાએ રાજકીય માહોલ ગરમાયો હતો, જોકે, હાલમાં જ ભૂપત ભાયાણીએ મીડિયા સમક્ષ આવીને આ વાતને નકારી છે. ત્યારે બે દિવસ પહેલાં 'આપ'માંથી વિજય થયા બાદ ભૂપત ભાયાણીએ કહ્યું હતું કે, ભાજપમાં ક્યારેય નહીં જોડાઉ, જે પાર્ટીએ મને ટિકિટ આપી છે તેની સાથે ગદ્દારી નહીં કરું.રાજ્યમાં તાજેતરમાં જ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે. જેમાં ભાજપે ઐતિહાસિક ૧૫૬ બેઠક જીતીને ફરી એક વખત સરકાર બનાવી છે. ત્યારે રાજ્યમાં પ્રથમ વખત ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ પણ ૫ બેઠક મેળવી હતી. ત્યારે આજે વિસાવદરની બેઠક પર આપ પાર્ટી તરફથી ચૂંટણી લડી જીતેલા ભૂપત ભાયાણી પક્ષ પલટો કરશે તેવી ચર્ચાએ જોર પકડ્યુ હતં. જોકે, આ વાતને તેઓએ અફવા ગણાવી હતી.તેમણે કહ્યું હતું કે મેં હજુ સુધી ભાજપમાં સામેલ થવાનો નિર્ણય લીધો નથી વિસ્તારના આગેવાનો સાથે ચર્ચા કરવામાં આવશે અને ક્ષેત્રના વિકાસને લઈને જ કોઇ નિર્ણય લેવામાં આવશે આપનાં ધારાસભ્ય ભુપત ભાયાણીએ મીડિયા સાથેની વાતમાં જણાવ્યુ કે, હજુ ભાજપમાં જોડાવવાનો કોઈ એવો નિર્ણય કર્યો નથી. આ વાત અફવા છે. મને પાટીલ અને પીએમ મોદીએ શુભકામના આપી છે. જેનો અર્થ એમ નથી કે હું તેમની સાથે છું. આ ઉપરાંત તેમણે જમાવ્યુ કે, મારી જનતા, ખેડૂતોને કહેશે તે પ્રમાણે નિર્ણય કરીશ. હું જોડવવાનો છું એવું હજુ સ્પષ્ટ નથી. મારે હજી મારી જનતાને મળવાનું બાકી છે. મારી જનતા જે કહેશે એ પ્રમાણે નિર્ણય કરીશ.

વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ભૂપત ભાયાણી જીત મેળવી જાયન્ટ કિલર સાબિત થયા હતા.

# લાંચ લેતા રંગે હાથે ઝડપાયેલા સહાયક માહિતી નિયામક અને ક્લાર્કના બે દિવસના રિમાન્ડ મંજૂર

સુરત,તા.૧૧

સુરત શહેરમાં એસીબીએ લાખો રુપિયાની લાંચ લેનાર સહાયક માહિતી નિયામક અને ક્લાર્કના બે દિવસના રિમાન્ડ સુરત કોર્ટે મંજુર કર્યા છે. કોર્ટે શનિવારે સાંજે આ રિમાન્ડ મંજુર કર્યા હતા. દૈનિક અખબારમાં સરકારી જાહેરાત છાપવાની મંજૂરી માટે ૫.૪૦ લાખ રૂપિયાની લાંચ માંગનાર સુરત માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક અને કચેરીનો ક્લાર્ક એન્ટીકરપ્શન બ્યુરોના હાથે રંગે હાથ ઝડપાયા હતા. માગવામાં આવેલી લાંચ પૈકી પહેલો હપ્તો બે લાખ ચાલીસ હજાર રૂપિયા રોકડા લેતા એસીબીના છટકામાં બે લોકો રંગે હાથે ઝડપાઇ ગયા હતા. ત્યારે છઝમ્એ પકડાયેલા બંને અધિકારીના ઘરે સર્ચ ઓપરેશન શરુ કર્યુ છે.માહિતી વિભાગ દ્વારા સુરતમાં દૈનિક અખબાર ચલાવતા માલિકો પાસે અખબારમાં રાજ્ય સરકારની ડિસ્પ્લે જાહેર ખબરો આવે તે માટે અરજી મંગાવવામાં આવી હતી. જાહેરાત માટે કરાયેલી અરજી રીન્યુઅલ કરવાની કાર્યવાહી કરવા માટે સુરતના નાનપુરા સ્થિત આવેલી માહિતી ખાતાની ઓફિસમાં સહાયક માહિતી નિયામક કૌશિક પરમારે ૫.૪૦ લાખ રૂપિયાની લાંચ માગી હતી. અખબારના માલિક દ્વારા સરકારી કામ માટે આ લાંચ આપવા માંગતા ન હતા જેથી તેમણે આ બાબતે એસીબીને જાણ કરી હતી. સહાયક માહિતી નિયામક દ્વારા લાંચની રકમ બે હપ્તામાં માંગવામાં આવી હતી. પ્રથમ હપ્તા તરીકે ૨.૭૦ લાખની રોકડ લઈને અકબરના માલિકને માહિતી ખાતાની કચેરીમાં બોલાવ્યો હતો. માહિતી કચેરીની સામે આવેલી ઝેરોક્ષની દુકાન પર આ લાંચની રકમ આપવાનો નક્કી કર્યા બાદ કૌશિક પરમાર દ્વારા ક્લાર્કને લાંચ લેવા માટે મોકલ્યો હતો. જયાં પહેલેથી ગોઠવાયેલી એસીબીએ લાંચ સ્વીકારતા ક્લાર્કને રંગે હાથ ઝડપી પાડ્યો હતો.રીન્યુઅલ અરજી મંજૂર કરવા માટે મંગાયેલી લાંચ પૈકી પ્રથમ હપ્તાના ૨.૭૦ લાખ રૂપિયા લઈને અખબારના માલિકને સૌપ્રથમ તો સહાયક માહિતી નિયામક દ્વારા પોતાની ગાડીમાં બેસાડીને એક કલાક સુધી આસપાસના વિસ્તારમાં ફેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ માહિતી કચેરી સામે આવેલ ઝેરોક્ષની દુકાનમાં બેસાડીને અડધો કલાકની રાહ જોવડાવી હતી. અડધો કલાક બાદ કૌશિક પરમારે તેમના ક્લાર્ક સતીશ જાદવને લાંચ લેવા માટે મોકલ્યો હતો. જોકે અખબારના માલિક દ્વારા પહેલાથી જ એસીબીમાં લેખિત અરજી આપી હોવાથી એસીબીના અધિકારીઓ જે તે સ્થળે ગોઠવાઈ ગયા હતા અને જુનિયર ક્લાર્ક લાંચ લેવા આવ્યો તે સમયે જ લાંચ સ્વીકારતી વખતે રંગે હાથ ઝડપી લીધો હતો અને ઝેરોક્ષની દુકાનની બહાર ઊભેલા સહાયક માહિતી નિયામકને પણ એસીબીએ ઝડપી લીધો હતો.



વ્યાસ પરિવાર નાં કુળદેવતા ખેતલીયા દાદા નો હવન દિક્સર જિ સુરેન્દ્રનગર મુકામે લવાડ તા.દહેગામ અને કોલાદ તા. કડી ના પરિવારજનોની ઉપસ્થિતિ માં યોજવામાં આવ્યો હતો

# પક્ષ વિરોધી પ્રવૃતિ કરનાર વિધાનસભા સીટ પ્રમાણે યાદી તૈયાર કરાઈ, જવાબદારો સામે કડક પગલાં લેવાય તેવી શક્યતા

અમદાવાદ,તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ભાજપને રેકોર્ડ બ્રેક સત્તા પણ મળી, પરંતુ આ વખતે પહેલી વખત આ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે આંતરિક જૂથવાદનો સામનો કરવો પડ્યો છે. રાજકોટ જિલ્લાની કેટલીક બેઠકોમાં ભાજપનું એક જૂથ ભાજપના ઉમેદવારને હરાવવા માટે મેદાને ઉતર્યું હતું જેની ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ પહોંચી છે. સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ભાજપના મોવડી મંડળે ઉમેદવારો સાથે ચર્ચા કરીને તેની વિધાનસભામાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર કાર્યકર્તાઓની યાદી તૈયાર કરી છે, જેને પ્રદેશ મોવડી મંડળ સમક્ષ રજૂ કરીને ટૂંક સમયમાં શિસ્તભગના પગલાં લેવાય તેવી પણ તૈયારી છે.

રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ઉદય કાનગડ મેદાને હતા. આ બેઠક પર ભાજપના જ એક જૂથે ઉદય કાનગડને હરાવવા માટે કામ કર્યું હોવાનું સામે આવ્યું છે.

ઉદય કાનગડે પણ ભાજપ કાર્યાલય ખાતે મળેલી બેઠકમાં ખુલ્લેઆમ આ વાત જાહેર કરી હતી અને કહ્યું હતું કે કેટલાક લોકો કેસરિયો ખેસ પહેરીને પંજા માટે કામ કરી રહ્યા હતા. ઉદય કાનગડની આ વાત સાથે રાજકોટ દક્ષિણ વિધાનસભાના ઉમેદવાર રમેશ ટીલાળાએ પણ સુર પુરાવ્યો હતો અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ થઈ હોવાની વાત મૂકી હતી.

આ તરફ જસદણ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર કુંવરજી બાવળિયાને હરાવવા માટે અને કોંગ્રેસના ઉમેદવાર ભોળા ગોહિલને જીતાડવા માટે સમર્થન કરવાની ભાજપના નેતા ગજેન્દ્ર રામાણીની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જેમાં ગજેન્દ્ર રામાણીએ કુંવરજી બાવળિયાને હરાવીને ભોળા ગોહિલને જીતાડવા કાર્યકર્તાઓને સૂચન કર્યું હતું અને જય ભોળાનાથના નામથી સાંકેતિક સંદેશો આપવા પણ કહ્યું હતું. આ અંગે કુંવરજી બાવળિયાએ ભાજપના પ્રદેશ મવડી મંડળને રજૂઆત કરી છે.

રાજકોટ જિલ્લાની સૌથી મજબૂત ગણાતી જેતપુર વિધાનસભા બેઠકમાં પણ ભાજપનો આંતરિક જૂથવાદ સામે આવ્યો છે.

ભાજપના નેતા જયેશ રાદડિયાની સામે સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે એક વ્યક્તિએ ફોર્મ ભર્યું. આ વ્યક્તિ આ વિસ્તારની નોંધપાત્ર વસ્તી ધરાવતા ખાંટ સમાજમાંથી આવતા હતા, જે વિધાનસભામાં ૨૪,૦૦૦થી વધારે મત લઈ ગયા, જેના કારણે જયેશ રાદડિયાની લીડ કપાઈ. આ ઉમેદવાર પાછળ ભાજપનું જ એક જૂથ જવાબદાર હોવાનું સામે આવ્યું છે.

હવે વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ છે અને ભાજપ એક શિષ્ટબંધ પાર્ટી છે ત્યારે પાર્ટી વિરુદ્ધ કામ કરનાર તમામ લોકોને નામની યાદી પ્રદેશ સમક્ષ રજૂ કરવામાં આવશે અને જવાબદારો સામે કડક પગલાં લેવાય તેવી પણ શક્યતા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.